ઇન્ટરનેટ પર વાંચવા : http:vivekpanthi.googlepages.com/ Mail- gulab_bheda@yahoo.com

વીવેકપંથી ૮૨

તંત્રી : ગુલાબ ભેડા
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઇ-૯૩. ફોન : ૨૮૩૮૮૮૯૧
Mail-vivekpanthi@yahoo.com

જીન્હે શક હો વો કરે ઔર ખુદાઓં કી તલાશ;
હમ તો ઇન્સાન કો દુનીયા કા ખુદા કહતેં હૈં: **– ફીરાક ગોરખપુરી**

(ગુણવંત શાહના એક લેખમાંથી સાભાર)

*

‘ના ભગવાન, ના ધર્મ’ના સુત્રધારક જવાહર જીવી ગયા (જુઓ એમના જ નીચેના શબ્દો)

આપણે રેશનાલીસ્ટો કઇ બાબતમાં જુદા પડીએ છીએ તેનો ઍસીડ ટેસ્ટ છે ‘આપણે ભગવાન કે ધર્મસંપ્રદાયોમાં માનીએ છીએ કે નહીં ?’

દાખલા તરીકે આપણા પહેલા વીજ્ઞાનીક રાશ્ટ્રપતી ડૉ. કલામ પોતાના વીશયમાં તો નીપુણ હોય જ, પણ તેઓ રેશનાલીસ્ટ નથી. હોત તો કમ સે કમ રાશ્ટ્રપતી બન્યા પછી તો અજમેર શરીફમાં ચાદર ઓઢાડવા ના જ ગયા હોત. એમણે સત્યસાંઇબાબાનાં દર્શને શા માટે જવું પડે ?

મોહનદાસ કરમચંદ ગાંધીને તો આપણે માનાર્થે મહાત્મા ગાંધીજી કહીએ છીએ. તેમની તમામ જીવનચર્યા વીવેકબુદ્ધીવાદ પર આધારીત હતી, છતાં રેશનાલીસ્ટ તરીકે એ સ્થાપીત થઇ ના શક્યા તે તેમની ઇશ્વર અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધાના કારણે જ. જો એ જવાહરલાલ નહેરુની વીચારસરણી અપનાવી શક્યા હોત તો ભારત આજે જુદું જ ભારત હોત. (વડા પ્રધાન જવાહરલાલ નહેરુ રેશનાલીસ્ટ હતા તે એમની જીવનશૈલી જોતાં સ્પશ્ટ જણાઇ આવે છે).

ભગવાન, ધર્મ અને સંપ્રદાયની ભ્રમણાએ માણસજાતને પાછળ પાડી છે.

પ્રગતીનો એકમાત્ર ઉપાય છે એવી મીથ્યા માન્યતાઓ-ભ્રમણાઓમાંથી નીકળીને સ્વતંત્ર થવું, તેજસ્વી થવું અને સાચા અર્થમાં જીવી જવું. **– જવાહર મહેતા** (‘વીવેકપંથી’ જાન્યુઆરી ૨૦૦૭)

બાવનમું મીત્રમીલન, જવાહરી મીત્રમીલન-તા. ૧ ફેબ્રુઆરી

અગાઉ ભાગ્યે જ કોઇ એવું મીત્ર-મીલન હશે, જેમાં જવાહર મહેતા અને ઇન્દુબેન હાજર ના હોય; આ મીત્ર-મીલનમાં જવાહરની પ્રત્યક્ષ હાજરી નહીં હોય; પણ પરોક્ષપણે તો તે જીવંત આદમી આપણી વચ્ચે ગુંજશે જ એનાં ગમતાં ગીતોમાં.

સાથી-મીત્રો સાથે પહોંચવા સમય અને સ્થળ નોંધી રાખો.

સમય : રવીવાર તા. ૧-૨-૨૦૦૯. ૩-૩૦ થી ૭-૩૦.
સ્થળ : રાશ્ટ્રીય શાળા, ગાંધી ચોક, સ્ટેશન રોડ, વીલેપાર્લે (પ.), મુંબઇ-૪૦૦૦૫૬.

સંયોજક : દામજી સાવલા

૭મી વીશ્વ નાસ્તીક પરીશદ-વીજયવાડા, જ્યાં ગુજરાતી વક્તાઓએ સારો પ્રભાવ પાડ્યો'તો

પ્રવચન કરતાં પ્રા. હર્શા બાડકર સામે સભા-સંચાલક વીજયમની બાજુમાં માનવતાવાદી પત્રકાર જીમ હેરી, ચંદના ચતુર્વેદી, પેરીયાર યુનીવર્સીટીના કુલપતી ડૉ. વીરમણી, વૈજ્ઞાનીક પી. એમ. ભાર્ગવ વગેરે મંચ પર બેઠેલા જણાય છે

ગુ.મું.રે.ઍસો.ના અધ્યક્ષ અશ્વીનકુમાર કારીઆ

અહેવાલ માટે જુઓ પાનાં ૧૮ થી ૨૧

કીરણ નાણાવટી

પત્રકાર ડંકેશ ઓઝા

જોમવંતા જવાહર

– ગુલાબ ભેડા

''**ભા**ઇ, જવાહર બોલું છું. શું નવા ખબર આપો છો, આપણા મીશનના ?''

આવો ફોન હવે ક્યારેય નહીં આવે એ વીચારે બેચેન થઇ જવાય છે.

જવાહર મહેતા એટલે મુંબઇના 'વીવેકપંથી' જુથનો ધરખમ-મજબુત પાયો. અમારો પહેલવહેલો પરીચય થયો હતો તા. ૨૨-૪-૨૦૦૧ના દીવસે સાંન્તાક્રુઝ લક્ષ્મીદાસ ખટાઉને ઘેર મળેલી પહેલવહેલી મીટીંગમાં -ખુશાલ ગાળીયા એમને લાવ્યા હતા. મીટીંગ તો ત્યારે જુદા જ કારણસર મળી હતી, પણ મેં ત્યારે સુચન કર્યું હતું કે અહીં આપણે રેશનાલીસ્ટ ગ્રુપ ઉભું કરીએ તો કેમ ? અને તરત જ ઉત્સાહમાં આવીને જવાહરભાઇએ પડકાર કર્યો હતો, ''ઉત્તમ વીચાર છે. બસ, આજની મીટીંગને જ પહેલી મીટીંગ ગણી લઇને શરુઆત કરી દઇએ'' અને એ જ દીવસે હાજર ૧૨ મીત્રોની સહીઓ સાથે જુથનો પાયો નખાઇ ગયો અને એ બની રહ્યું જુથનું પહેલું મીત્રમીલન. આમ મુંબઇ જુથનો પાયો જ જવાહરી બન્યો હતો.

મથાળે 'જોમવંતા જવાહર' શબ્દપ્રયોગ કર્યો છે, પણ જાણે કે એ શબ્દપ્રયોગ પણ કંઇક અધુરો અને ઓછો લાગ્યે રાખે છે-જવાહર એટલે એક જીવંત જણ. ચેતનાનો ધોધ, રેશનાલીઝમનું ચક્રવર્તી રાજ સ્થપાય તેવી તમન્ના એના હૃદયમાં સતત ઉછાળા મારતી હતી.

અવાજમાં એમનો રણકો એવો હતો કે એમને જીભનું કેન્સર છે તે માનવામાં જ ના આવે.

લાંબો સમય તેમણે અસાધ્ય રોગો વેઠ્યા, પણ એવી સલુકાઇથી વેઠ્યા કે જાણે કંઇ છે જ નહીં. એમની ખબર પુછવા જનારને પણ પોતાની બીમારીની વાત ના કરતાં સામેથી પુછતા, ''તમે કેમ છો તે કહો.'' મનોબળ-વીલ પાવર તો બસ, એમનું જ. તો વીલ પાવરમાં તો ઇન્દુબેન પણ ક્યાં ઓછાં ઉતરે તેમ છે ?

૧૭મી ડીસેમ્બરની ઊગતી પરોઢે જવાહરભાઇનો શ્વાસ બંધ થયો અને સવારે સાડાસાત વાગ્યે ઇન્દુબેન જાતે મને ફોન કરે છે, ''ગુલાબભાઇ, તમારા મીત્ર પરોઢીએ સાડાત્રણ વાગ્યે ગયા.'' સાંભળતાં હૃદય એક ધબકારો ચુકી ગયું અને આંખ પણ છલકાઇ ઊઠી. અવાજ રુંધાયો, પણ બીજી જ ક્ષણે ઇન્દુબેનની સ્વસ્થતાએ વાર્યો. ''બહેન, તમે સ્વસ્થ છો ને ?'' મારાથી પુછાઇ ગયું. ''આપણે પરીણામ જાણતા જ હતા ને !'' એમનો જવાબ હતો. એક સામાન્ય ગુજરાતી નારી પાસે આટલી સ્વસ્થતા અપેક્ષીત હોય ખરી ?

જવાહર મહેતાની એક પ્રબળ અને નક્કર ઓળખાણ તે એમનું **'ના ભગવાન, ના ધર્મ'**નું સુત્ર. આ સુત્ર માત્ર એમણે જ નહીં, પણ એમના પછીના નવ સભ્યોના સમગ્ર પરીવાર-પત્ની ઇન્દુબેન, પુત્ર પ્રેમલ, પુત્રવધુ સુરભી અને પૌત્રીઓ સલોની તથા શૈલી, નાનો પુત્ર હેતલ, પુત્રવધુ નીલીમા અને પૌત્રો નીશીત તથા હર્શીત સહીત સૌએ ગાંઠે બાંધી રાખ્યું છે.

'વીવેકપંથી' જુથની બે મીટીંગો મારે અહીં સઉદ્દેશ યાદ કરવી પડે.

એક મીટીંગ વરીશ્ઠ કાર્યકરોની મારે ઘેર મળી હતી તા. ૨૫-૫-૦૫ના રોજ; જેમાં 'વીવેકપંથી'નું પ્રકાશન બંધ કરવાનો નીર્ણય એવા કારણસર લેવાયો હતો કે જો લોકો લવાજમ ભરે જ નહીં તો છાપું ચાલે જ કેમ ? આ નીર્ણયમાં સૌથી બળુકો સ્વર જવાહર મહેતાનો હતો **'બસ, બંધ જ કરો.'**

પણ માત્ર ચાર જ મહીનાના અનુભવ પછી એમણે બીજી એક મીટીંગમાં વધુ બળુકા સ્વરે લલકાર્યું હતું, **''શાબાશ. તમે સાચા ઠર્યા ગુલાબભાઇ, હવે મને સમજાય છે કે આ તો આપણું મીશન છે. શું હું મારા મીશન માટે ખીસ્સાખર્ચમાંથી મહીને રુપીયા એકસો પણ ના ફાળવી શકું ?''** અને એમણે માસીક રુ. ૧૦૦ પ્રમાણે વર્શના રુ. ૧૨૦૦/-ની યોજના આપી. પ્રતી વર્શ પોતાના ૧૨૦૦ તો એમણે આપ્યા જ, પણ ગયા વર્શે તો તેમાં ઇન્દુબેનના પણ ૧૨૦૦ ઉમેર્યા.

'મીશન' એમનો માનીતો શબ્દ હતો અને આ જગતને રેશનાલીસ્ટ જગત જોવાની એમની તમન્ના હતી.

પાલનપુરમાં નવેમ્બર '૦૭માં મળનારા

અધીવેશનની તૈયારીઓ માટે ૨૪મી ફેબ્રુઆરીની કારોબારીની બેઠકમાં જવાહરભાઇ હાજર હતા. એ બેઠકમાં અધીવેશનના આર્થીક માળખા પર જ ચર્ચા ચાલી તેથી અકળાઇને તેમણે પડકાર કર્યો હતો, 'પૈસાનું તો થઇ રહેશે. યાર, પહેલાં નક્કી એ તો કરો કે આપણે પહોંચવું છે ક્યાં ? કરવું છે શું ? પહેલાં ધ્યેય તો નક્કી કરીએ.' આમ એમની નજર હંમેશાં પરીણામ પર જ મંડાયેલી રહેતી હતી.

આ મહીને વીજયવાડામાં મળેલી ૭મી વીશ્વ નાસ્તીક પરીશદ માટે જવાહરભાઇ છેલ્લા છ મહીનાથી થનગનતા હતા. ''વધુમાં વધુ મીત્રોને તૈયાર કરો. મુંબઇના 'વીવેકપંથી' જુથનો ઝંડો વીજયવાડામાં ફરકાવવો છે.'' આ એમનું નીત્ય રટણ હતું. કેટલા બધા મીત્રોને ફોન પર ફોન કરતા હતા. બે મહીના પહેલાં પ્રવીણભાઇએ કુલ તેર ટીકીટો બુક કરાવી ત્યારે તો જવાહરભાઇ પથારીમાં હતા. આવી શકે તેવી આશા પણ નહોતી જણાતી. તોય ઇન્દુબેને કહ્યું, ''અમારી બે ટીકીટો કઢાવી જ લેજો. પોતાની ટીકીટ નથી આવી એવું જાણશે તો હતાશ થશે અને આવી ગઇ છે એ જાણીને કદાચ ઊભા પણ થઇ જાય.''

પણ અંતે એમની ટીકીટ રદ્દ કરાવવાનો જ વારો આવ્યો. અને જુઓ એમની ગેરહાજરીનો પ્રભાવ ! એક પછી એક ટીકીટો રદ્દ થવા માંડી અને છેલ્લે મુંબઇથી વીજયવાડા માટે બાકી રહ્યા માત્ર અમે ત્રણ- હું, વીણા ને હર્શા. હર્શાએ કહ્યું, ''પપ્પા, આપણે તો જવું જ પડે. મહીનાઓથી જવાહરકાકા પાછળ લાગ્યા'તા. મારું પેપર ત્યાં રજુ થાય તેવી એમની ઉત્કટ ઇચ્છા હતી.'' અને અધીવેશનમાં હર્શાએ એ ઇચ્છા પાર પણ પાડી જ.

હર્શા રેશનાલીઝમમાં આવી તેનો સૌથી વધુ હરખ એના જવાહરકાકાને હતો.

વતન જવાહરભાઇનું ભાવનગર જીલ્લાનું શીહોર અને જન્મતારીખ ૧૫-૪-૧૯૩૬. છ ભાંડરડાંઓમાં એ સૌથી મોટા. પીતા કાનજીભાઇ સરકારી નોકરીમાં ડેપ્યુટી કલેક્ટરના હોદ્દા સુધી પહોંચ્યા હતા. ગાંધીના રંગે રંગાઇને જુવાનીમાં જવાહર ખાદીધારી પણ બન્યા હતા. ફરવાનો શોખ તો એવો કે પ્રવાસનું નામ પડે કે તૈયાર. અડધું ભારત ફર્યા છે એમ કહી શકાય.

શીક્ષણમાં M.Sc. સુધી પહોંચી વ્યવસાયીક શરુઆત ખાનગી નોકરીથી કરી. અંતે સ્વતંત્ર વ્યવસાયમાં સ્થીર થયા, જેના પરીણામે પરીવાર આજે બેપાંદડે છે.

ભાવનગરનાં વતની ઇન્દુબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા તા. ૧૬-૧-૬૪ના રોજ, જેને આ ૧૬મીએ ૪૪ વર્શ પુરાં થાય. વીચાર કરો મીત્રો, ચુમાલીસ-ચુમાલીસ વર્શના સ્નેહસભર સથવારા પછીની વીરહવેદના કેવી કારમી હોય ! પણ કટ્ટર રેશનાલીસ્ટના સતત સંગે ઇન્દુબેનમાં ગજબની સ્વસ્થતા પ્રેરી છે. માત્ર રેશનાલીઝમમાં જ નહીં, પણ જવાહરના અનેકવીધ સામાજીક કાર્યોમાં પણ ઇન્દુબેન એમની સાથે ને સાથે જ રહ્યાં છે.

મીત્રાચારીનો મહીમા તો ઇન્દુ-જવાહરથી વીશેશ કોણ કરી શકે ?

૨૦૦૫માં વીલ બનાવીને જવાહરભાઇ લખી ગયા. 'મૃત્યુ પછી મારા મૃતદેહનો અગ્નીસંસ્કાર ના કરતાં મેડીકલ કૉલેજના વીદ્યાર્થીઓના અભ્યાસાર્થે આપી દેજો.' અને સ્વસ્થ પરીવારે એમ જ કર્યું. અંતીમક્રીયા પણ બીજા કોઇ પ્રકારે ના કરી તે ના જ કરી.

અને છેલ્લે ફરીથી વાત કરીએ, 'ના ભગવાન, ના ધર્મ'ના જવાહરી સુત્રની. આ અંકના પહેલે પાને એમની મનોભુમીકા સ્પશ્ટ થઇ જ ગઇ છે. વધુમાં એમણે રેશનાલીસ્ટનું પહેલું લક્ષણ જ એ ધાર્યું હતું કે એ ઇશ્વર અને ધર્મને મુદ્દલ માનતો ના હોય. એમના મતે ઇશ્વર અને ધર્મની બે કપોળકલ્પનાઓ નકરી ભ્રમણાઓ જ છે, જેણે માનવમનને જકડી રાખ્યું છે. માણસ એ ભ્રમણાઓથી મુક્ત થઇને જ સુખી થઇ શકે.

વાચકોને યાદ હશે જ, જાન્યુઆરી ૨૦૦૭ના અંકમાં એમણે લગભગ મારો કોલર પકડીને જવાબ માગ્યો હતો, '''વીવેકપંથી'ના હે તંત્રી, તમે પણ પ્રશ્નાર્થના ઘેરામાં છો. 'હા' કે 'ના' નો એકાક્ષરી જવાબ આપો. તમે ભગવાનમાં માનો છો કે નહીં ?''

અને મારે અગ્રલેખમાં ફાફડા જેવા જાડા અક્ષરમાં એકાક્ષરી જવાબ આપવો પડ્યો હતો **'ના.'**

આવો જવાંમર્દ જવાહર અને આવો ખેલદીલ દોસ્ત ગુમાવ્યાનો મને અને આપણને સૌને ઘેરો રંજ છે. પણ આપણે સૌ એનો જ સંદેશ પકડીને ચાલીએ **'Show must go on.'**

જવાહર મહેતાના લેટરહેડ ઉપર પંક્તી છપાતી No God, No Religion
તો લલીત નગરશેઠના લેટરહેડના મથાળે છપાય છે....

તું ઝીંદા હૈ તો જીંદગી કી જીત પર યકીન કર;
ગર હે કહીં જન્નત તો ઉતાર લા જમીં પર:

મુલ્યવાન મીત્રની વસમી વીદાય

– લલીત નગરશેઠ

આપણા મીત્ર જવાહર મહેતા હવે આપણી વચ્ચે રહ્યા નથી. મારા રેશનાલીસ્ટ મીત્રોમાં હું જવાહર સાથે વૈચારીક દ્રશ્ટીએ ઘણી નીકટતા અનુભવતો. તેઓ તેમના વીચારોમાં સ્પશ્ટ અને મક્કમ હતા. તેઓ સ્પશ્ટપણે માનતા હતા કે ઇશ્વરનું અસ્તીત્વ સ્વીકારનાર કદી રેશનાલીસ્ટ હોઇ શકે નહીં, કારણકે ઇશ્વર જેવી કોઇ હસ્તી માટે વૈજ્ઞાનીક પુરાવા હજી સુધી મળ્યા નથી. કેટલાક સુશીક્ષીત લોકો પણ એમ કહેતા હોય છે કે આવડું મોટું વીશ્વ આટલું નીયમીત ચાલે છે તો જરુર તેનો કોઇ સંચાલક હોવો જોઇએ. આ લોકો ઇશ્વરનું નામ લેતાં સંકોચ અનુભવે છે માટે તેનો પરોક્ષ સ્વીકાર કરે છે. They worship God through proxy.

જવાહર હસમુખા અને મીલનસાર સ્વભાવના માણસ હતા. રેશનાલીઝમના પ્રચાર માટે તેઓ હંમેશાં સક્રીય રહેતા અને તે પણ કોઇ પણ જાતનો દંભ-દેખાડો કર્યા વગર. છેલ્લાં બે-એક વર્શથી તેમની તબીયત નાજુક રહેતી હોવા છતાં રેશનાલીસ્ટ પ્રવૃત્તીઓ ખાતર લાંબા પ્રવાસો ખેડતાં અચકાતા નહીં. જાન્યુઆરી ૨૦૦૯ની વીજયવાડામાં મળનાર વીશ્વ નાસ્તીક પરીશદમાં જવા માટે ઘણા ઉત્સુક હતા. જાન્યુઆરી ૨૦૦૫માં મળેલ પરીશદમાં હું અને જે. પી. મહેતા તેમની સાથે જ હતા અને અમે તેમની મૈત્રીના કારણે તથા તેમના સંબંધીઓના સૌજન્યથી હૈદરાબાદ-સીકંદરાબાદ શહેર જોયું.

જવાહર સંગીતપ્રેમી હતા અને અવારનવાર તેમના ઘરે મીત્રોની સંગીત મહેફીલ જામતી. મહેફીલની સાથે સાથે ઇન્દુમતીબેન અને તેમના કુટુંબીજનોની મહેમાનગતી માણવાનો લ્હાવો મળતો. હવે એ મહેફીલો ભુતકાળની મધુર યાદો માત્ર વાગોળવા પુરતી બાકી રહી ગઇ. ૯મી નવેમ્બરે તેમના ઘરે રાખવામાં આવેલું ૫૧મું 'વીવેકપંથી' મીત્રોનું મીલન હું ચુકી ગયો તેનો મને વસવસો રહેશે.

છેલ્લાં થોડાં વર્શોમાં મેં મારા ઘણા ડાબેરી તથા રેશનાલીસ્ટ મીત્રો ખોયા છે. છેલ્લે જવાહર પણ ગયા. તેમના ટેલીફોનની હવે હું રાહ જોઉં છું.

રેશનાલીસ્ટ ચળવળના એક ઑર સાથીની અંતીમ વીદાય

– અશ્વીનકુમાર કારીઆ
પ્રમુખ-ગુ.મું.રે.ઍસોસીએશન

આપણા એક રેશનાલીસ્ટ સાથી નીરંજનભાઇ ગાંધીની વીદાયનો ઘા હજુ રુઝાયો નથી, ત્યાં જ રેશનાલીઝમ ચળવળના એવા જ સમર્થ સાથી અને પ્રેમાળ વ્યક્તી જવાહર મહેતાના અવસાને આપણને આંચકો આપ્યો છે. જોગાનુજોગ જવાહરભાઇ સાથે પરીચય પણ નીરંજનભાઇ ગાંધીની જેમ જ પત્રમીત્ર તરીકે થયો હતો. પત્રોમાં પોતાની અત્યંત ઉશ્મા સાથે ઇશ્વરનો નકાર, ધાર્મીકતાના કારણે ઉભા થતા અનેક પ્રશ્નો, ગુજરાતી પ્રજાને મુંઝવતી પરીસ્થીતી વીશે સ્પશ્ટ વીધાનો કરતાં જરાય અચકાતા ન હતા.

જવાહરભાઇ સ્નેહભુખ્યા, રેશનાલીસ્ટ મીત્રો તેમજ વીદ્વાનોને મળવા માટે ઉમળકો અને આદર ધરાવતા હતા. તેમની જ્ઞાનપીપાસા નીર્દોશ બાળક જેવી જ હતી. નબળી તબીયતે પણ પાલનપુર, અમદાવાદ, સુરત કે ગોધરા ખાતે રેશનાલીઝમના એકેએક કાર્યક્રમમાં હાજરી આપવાનું ચુક્યા નથી.

તા. ૨૪-૨-૦૭ના રોજ ગુજરાત-મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીએશનની કારોબારી સભામાં હાજરી આપ્યા બાદ મને બહાર બોલાવીને રુપીયા પાંચ હજારની થોકડી મારા હાથમાં મુકીને કહ્યું, ''રેશનાલીઝમની કોઇ પણ પ્રવૃત્તીમાં આ વાપરજો.'' રેશનાલીસ્ટોની પાલનપુર ખાતે નવે. ૨૦૦૭માં યોજાયેલ રાશ્ટ્રીય પરીશદ વખતે પોતાના દસ હજારથી સંતોશ ન માનતાં મુંબઇના અન્ય મીત્રો પાસેથી પણ સારી એવી રકમ એકત્ર કરી આપી હતી.

ચુસ્ત રેશનાલીસ્ટને છાજે તેવું જીવન જીવ્યા એટલું જ નહીં, પરંતુ રેશનાલીસ્ટને ગૌરવ અપાવે તે રીતે તેઓ મૃત્યુ પામ્યા. અફસોસની વાત છે કે પોતાના લેટરહેડ પર No God, No Religionનું સુત્ર ગાજતું કરનાર જવાહરભાઇ મહેતા is no more.

મુંબઇ ખાતે રેશનાલીસ્ટ ઍસોસીએશન મજબુત બનાવવામાં તેમનાં મહત્ત્વનાં પ્રદાન ઉપરાંત ગુજરાતના દરેક રેશનાલીસ્ટ મીત્રની પોતાના ઘેર પ્રેમપુર્વક આગતાસ્વાગતા કરવામાં હરખ અનુભવતા. આપણા નાના એકમમાં જવાહરભાઇની ખોટ આગામી અનેક વર્શો સુધી આપણને સાલશે.

ગુજરાત-મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીએશનના કાર્યક્રમો

ગુજરાત-મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીએશનની વૈજ્ઞાનીક અભીગમની ઝુંબેશના ભાગ રુપે ડીસાની સર્વોદય હાઇસ્કુલમાં તા. ૧૩ ડીસે. '૦૮ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં પ્રમુખ અશ્વીન કારીઆનું વૈજ્ઞાનીક અભીગમ પર વ્યાખ્યાન અને કારોબારી સભ્ય જગદીશભાઇ સુથારનો ચમત્કાર પર્દાફાશનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

શુકન-અપશુકન, ભુત-પ્રેત, ચોઘડીયાં વગેરે બાબતે શાળાના વીદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરીમાં સારો રસ લીધો હતો અને ચમત્કાર પર્દાફાશના કેટલાક પ્રયોગો જગદીશભાઇના માર્ગદર્શન હેઠળ વીદ્યાર્થીઓએ જાતે કર્યા હતા.

વ્યક્તીત્વ વીકાસ કાર્યક્રમ

ઍસોસીએશને શાળા-કૉલેજોના વીદ્યાર્થીઓ માટે યુવા નેતૃત્વ અને વ્યક્તી વીકાસ તાલીમ કાર્યક્રમની રુપરેખા તૈયાર કરી છે. સ્વામીનારાયણ આર્ટસ કૉલેજ (અમદાવાદ)ના આચાર્ય ધનરાજભાઇ પંડીતના આમંત્રણથી નુતન વર્શના પ્રથમ દીને કૉલેજના ૫૦ વીદ્યાર્થીઓ માટે આ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

જાણીતા લેખકો મનીશી જાની અને કીરણ ત્રીવેદીએ શરુઆતમાં ચાઇનીઝ રમતથી વીદ્યાર્થીઓ સાથે રાજ્યની સંવેદનહીનતા, દહેજ સમસ્યા, ધાર્મીકતા વ. પ્રશ્નો બાબતે સંવાદ કર્યો હતો અને વીદ્યાર્થીઓને તેમના પ્રતીભાવો રજુ કરવાની મોકળાશ આપી હતી. શહીદ ભગતસીંહને આદર્શ નેતા રજુ કરીને તેમની વીચારસરણીની યુવા વીદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી.

ઍસોસીએશનના કારોબારી સભ્યો પૈકી દીનેશભાઇ શુકલે બંધારણના મુળભુત અધીકારો વીશે અને ધવલભાઇ મહેતાએ રેશનાલીઝમના વીવીધ પાસાંઓની વીગતો અને સામાજીક જીવનનાં અનેક ઉદાહરણો સાથે સમજ આપી હતી. અશ્વીન કારીઆએ માનવઅધીકારો અને તેની સંભાળમાં યુવાનોની ભુમીકા વીશે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. વીદ્યાર્થીઓના અનેક પ્રશ્નોના આ ત્રીપુટીએ ઉત્તરો આપ્યા હતા. લોકશાહી વીશેની એક પ્રશ્નોત્તરી વીદ્યાર્થીઓએ હોંશથી ભરી હતી. ઍસોસીએશન તરફથી દરેક વીદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવેલ હતું. વીદ્યાર્થીઓએ પોતાના પ્રતીભાવો પણ રજુ કર્યા હતા.

જે શાળા, કૉલેજો-મંડળો કે યુથ ક્લબોને આવો કાર્યક્રમ યોજવાની ઇચ્છા હોય, તેમણે અશ્વીન કારીઆ Mob. 9428678440 અથવા કીરણ ત્રીવેદીનો Mob. 9227234815 ઉપર સંપર્ક સાધવા વીનંતી છે.

વીશેશ કાર્યક્રમ

ઍસોસીએશનના પ્રમુખ અશ્વીન કારીઆ લીખીત પુસ્તક 'ઘરેલુ હીંસાથી સ્ત્રીઓને રક્ષણ ધારો ૨૦૦૫'નું વીમોચન ગુજરાત રાજ્યના રાજ્યપાલ નવલકીશોર શર્માના વરદ્‌હસ્તે તા. ૨૦-૧-૦૯ના રોજ 'અવાજ' સંસ્થાના ઉપક્રમે તેના જ હૉલમાં યોજાઇ ગયું.

ભારત સેક્યુલર ક્યારે હતું ?

– નગીનદાસ સંઘવી

ગુજરાતમાં સેક્યુલરીઝમની ચર્ચા જેટલી જોરશોરથી ચાલે છે તેટલી ભારતનાં અન્ય રાજ્યોમાં થતી જાણી નથી. ગુજરાતનાં સૌથી વધારે વીખ્યાત વીચારક ગુણવંતભાઇ શાહે આ શબ્દનો વારંવાર વપરાશ કર્યો છે અને અડવાણીના રસ્તે ચાલીને તેમાંથી ગાળ 'સ્યુડો સેક્યુલરીસ્ટ' પણ બનાવી કાઢી છે. સ્યુડો વીભાગવાચક નથી, ગાળવાચક છે. સ્યુડો એટલે જુઠ્ઠો, દંભી, ફરેબી. મારો સમાવેશ મોટા ભાગે સ્યુડો સેક્યુલરીસ્ટોમાં થાય છે, તેથી આ ગાળનો ડંખ અનુભવી શકાય છે.

યુરોપના અંધારયુગના અંત ભાગે કૅથલીક ચર્ચ અને રાજ્યતંત્રો વચ્ચેના સંઘર્શમાંથી સેક્યુલર શબ્દ પેદા થયો છે.

ઇ.સ. ૪૯૬થી ૯૮૦ સુધી યુરોપમાં અંધાધુંધી હતી.

આ કાળે માત્ર ધર્મસત્તા છે. રોમન કૅથોલીક ચર્ચ સર્વેસર્વા છે અને પોપ ધર્મસત્તા (Sacerdotal) અને રાજસત્તા (Secular) ભોગવતો હતો.

દસમી સદીમાં રાજારજવાડાં ઉભાં થવા લાગ્યાં ત્યારે પોપની જોહુકમીથી કંટાળેલા લોકો રજવાડાઓના પડખે ઉભા રહ્યા.

સેક્યુલરનો મુળ અર્થ એ છે કે દુન્યવી વહીવટની બાબતમાં ધર્મસંસ્થાએ માથું મારવું નહીં.

આ અર્થ આજે અવળો ફરી ગયો છે.

ભારતીય તત્ત્વજ્ઞાનનો શબ્દ વાપરીએ તો રાજ્ય ધર્મથી તદ્દન ઉદાસીન રહે તે સેક્યુલર ગણાય.

દુનીયામાં લગભગ બસો રજવાડાં છે. તેમાં સેક્યુલર કહીએ તેવાં રાજ્યોની સંખ્યા બે-અઢી ડઝનથી વધારે નથી.

ભારતનું રાજ્ય અને સમાજ સેક્યુલર નથી. બંધારણમાં ઇન્દીરા ગાંધીએ ૧૯૭૬માં સેક્યુલર શબ્દ ઘુસાડ્યો છે પણ ભારતનું બંધારણ સેક્યુલર છે તેવું કહેનાર લોકોએ કાં તો બંધારણ વાંચ્યું નથી, અથવા જાણીબુઝીને જુઠ્ઠું બોલે છે.

૧૯૫૬માં સાતમાં સુધારાથી બંધારણમાં કલમ ૨૯૦-એ ઉમેરવામાં આવી છે. દર વરસે કેરળની સરકારે ૪૬,૫૦,૦૦૦ રુપીયા અને તમીળનાડુની સરકારે ૧૩,૫૦,૦૦૦ રુપીયા હીન્દુ મંદીરોના નીભાવ માટેના 'દેવાસ્વામ ફંડ'માં આપવાની જોગવાઇ કરવામાં આવી છે. આ કલમ બંધારણમાં હોય ત્યાં સુધી ભારતનું બંધારણ સેક્યુલર નથી.

ભારત સરકાર દર વરસે હજયાત્રા માટે કરોડો રુપીયા ખર્ચે છે તે સેક્યુલરીઝમનો અનાદર છે. રાજના હોદ્દેદારો રાજ્યના ખજાનામાંથી ધાર્મીક સ્થાનો, ધર્મગુરુઓ અને ધાર્મીક ઉત્સવોમાં ખેરાત કરે છે ત્યાં સુધી સેક્યુલર ન કહી શકાય.

આપણે બધા ઘેટાંની માફક આંધળાંભીંત થઇને તેની પાછળ ચાલ્યા છીએ અને સેક્યુલરીઝમને બંધારણ સાથે, ભારતના રાજકારણ સાથે સાંકળી લેવામાં આવ્યું છે.

સર્વધર્મ સમભાવ એ શબ્દ અતીશય પ્રચલીત છે, અતીશય લોકપ્રીય છે અને ગાંધીજીએ વાપર્યો હોવાના કારણે બ્રહ્મવાક્ય બની ગયો છે પણ આ અભીગમમાં બે વીચારદોશ છે. એક તો બધા ધર્મોને સમાન લેખવા અથવા સમાન ધોરણે સ્વીકારવાનું અશક્ય છે.

બીજા ધર્મ પ્રત્યે સહીશ્ણુ થવાનું શક્ય છે પણ પોતાના ધર્મ જેટલો જ આદર બીજા ધર્મોને આપવાનું શક્ય નથી.

■

વાર્શીક રુ. ૧૨૦૦/–ની યોજનાના સહકારદાતા બનો

VIVEKPANTHના નામનો A/C Payee ચેક આજે જ સાદી ટપાલમાં રવાના કરો

ગતાંક સુધીમાં ૨૦ નામો નોંધાયાં છે અને આગળ...

૨૧. રુ. ૧૨૦૦ કચ્છ કડવા પાટીદાર સમાજ-ધાર રોડ, ઇંદોર.
૨૨. રુ. ૧૨૦૦ ગુજરાતી સમાજ-ઇંદોર.
૨૩. રુ. ૧૨૦૦ હરીભાઇ પટેલ, પ્રમુખ-શ્રી ગુજરાતી સમાજ-ઇંદોર.
૨૪. રુ. ૧૨૦૦ ચીનુભાઇ શાહ-મુંબઇ.
૨૫. રુ. ૧૨૦૦ નરેન્દ્ર મા. કંસારા-ઉના (જીલ્લો જુનાગઢ).

આપણે રુ. ૧૨૦૦ની યોજનામાં ૧૦૦ નામો નોંધવા ધારીએ છીએ

ઉપરાંત સ્વેચ્છીક યોગદાન નીચે પ્રમાણે મળ્યું છે

રુ. ૧૫૦૦ કચ્છ કડવા પાટીદાર સમાજ, ધાર રોડ-ઇંદોર.
રુ. ૩૦૦ સ્મૃતી સોલંકી-મુંબઇ.
રુ. ૨૦૦ નવીનભાઇ પટેલ-નાશીક.

પ્રકૃત્તી સામેની દુનીયાની સૌથી ઘાતક પરંપરા પર દશ્ટીપાત

શું શ્રેશ્ઠ ? અગ્નીસંસ્કર કે ભુમીસંસ્કાર ? - વીનોદ વામજા

દુનીયામાં સૌથી વધુ (ખ્રીસ્તી, મુસ્લીમ, શીંટો, તાઓ, યહુદી તથા અન્ય ધર્મો સહીત ૭૫થી ૮૦ ટકા) લોકો દફન પદ્ધતી અપનાવે છે, મૃતદેહોને બાળવાની પદ્ધતી માત્ર હીન્દુઓમાં જ છે. આમ તો દેહદાન પણ ઉત્તમ છે, છતાં....

શું શ્રેશ્ઠ.... દફન કે દહન ?

એક મૃતદેહને બાળવા માટે ૧૫થી ૨૦ મણ (૩૦૦થી ૫૦૦ કી.ગ્રા.) સુકાં લાકડાં જોઇએ છે. બળતણ માટે લાકડાં મોંઘાં થતાં જાય છે. બીજી બાજુ આઝાદી પછી વસતી ત્રણ ગણી થઇ ગઇ છે. પહેલાં બાળમરણ વધારે હતાં તેનું માત્ર દફન જ કરાતું. હવે સ્મશાનમાં લાકડાંની માગ અનેક ગણી વધી ગઇ છે. માત્ર ગુજરાતમાં જ વર્શે ૮૦થી ૯૦ કરોડ રુપીયાનાં (૮૦થી ૯૦ લાખ મણ) લાકડાં જોઇએ છે, તો પુરા દેશમાં ?? વીચારો; ૧૦ હજાર હેક્ટર જંગલના નાશ બરાબર થાય : આવો બગાડ તો આપણે સદીઓથી કરતા આવ્યા છીએ તેનો વીચાર કરીએ તો ?

વીજ્ઞાનના વીકાસથી રોગ અને યુદ્ધ ઘટતાં વસતી અને પ્રદુશણ વધ્યાં છે. આઝાદી વખતે વૃક્ષો-જંગલો ૩૩ ટકા હતાં તે હવે માત્ર ૬ ટકા જ રહ્યાં છે અને વસતી ત્રણગણી (૩૦૦ ટકા) વધી છે.

બેફામ પ્રદુશણ દુર કરનાર એકમાત્ર શક્તી વૃક્ષો જ છે, જે પાંચમા ભાગનાં થઇ ગયાં છે. આથી કુદરતી સમતુલા ખતરનાક હદે ખોરવાઇ રહી છે. વૃક્ષો વાવો-ઉછેરો અને જાળવો તથા વ્યય અટકાવો એજ એકમાત્ર રસ્તો છે.

અગ્નીદાહમાં ઑક્સીજન વપરાય, પ્રદુશણ થાય અને તે દુર કરનાર, ઑક્સીજન આપનાર વૃક્ષોનો જ તેમાં ભોગ લેવાય છે. અગ્નીસંસ્કારમાં એક આખા વૃક્ષનો નાશ થાય તે શું યોગ્ય છે ?

પ્રાણીઓના મૃતદેહોનું જમીનમાં બેક્ટેરીયાની મદદથી ફળદ્રુપ માટીમાં રુપાંતર થાય છે, જે ૧૦૦ ટકા વૈજ્ઞાનીક સત્ય છે. તે રાસાયણીક ખાતર કરતાં પણ ઉત્તમ છે. તેથી મનુશ્યના મૃતદેહનો નીકાલ પણ પ્રકૃતીને અનુકુળ હોવો જોઇએ.

વીદ્યુત સ્મશાન લાકડાનો યોગ્ય વીકલ્પ નથી. કારણ કે વીજળી ઉત્પન્ન કરવા માટે લાકડાં, કોલસા, ગૅસ કે પેટ્રોલીયમ જેવા ઉર્જાસ્રોતની જરુર પડે છે.

ઇલેક્ટ્રીક સગડીથી રસોઇ મોંઘી પડે તેમ વીદ્યુતસ્મશાન પણ મોંઘું જ પડે.

એક વીદ્યુત સ્મશાનની કીંમત રુ. ૫૦થી ૮૦ લાખ થાય છે. એક નાના ગામ કે કારખાનાની જરુરીયાત જેટલી રાક્ષસી વીદ્યુતનો વ્યય તેમાં થાય છે. વીજળી બીલ તથા નીભાવખર્ચ મહીને લાખોમાં થાય છે.

દફન એ માત્ર મુસ્લીમો-ખ્રીસ્તીઓની જ પદ્ધતી નથી, આખી દુનીયાની છે. તે ધર્મોના ઉદ્ભાવ (૨૦૦૦ વર્શ) પહેલાં પણ હતી.

દફનથી જમીન રોકાય, જળપ્રદુશણ થાય, રોગચાળો ફેલાય તેવા વારંવારના પ્રચાર-પ્રસારથી આપણે હીપ્નોટાઇઝ થઇ ગયા છીએ, અથવા આપણું તેટલું જ સારું એવા સંકુચીત પુર્વગ્રહથી પીડાઇ રહ્યા છીએ. બાકી અન્ય દેશોમાં દફનથી કોઇ નુકશાન થયું નથી. પરંતુ એનાથી જમીન ફળદ્રુપ બને છે.

મનુશ્ય સીવાયના પ્રાણીઓને તો આપણા દેશમાં પણ બાળવામાં આવતા નથી.

આપણી હીન્દુ ધાર્મીક માન્યતા અનુસાર શરીરમાં જીવ (ચેતના) નીકળી ગયા પછી નશ્વર દેહની કોઇ કીંમત નથી.

અગ્નીદાહમાં લાકડાંના અસંખ્ય જીવજંતુંનો નાશ થાય છે. ત્યારે દુનીયાની સૌથી અહીંસક એવી હીન્દુ પ્રજાને આવી ક્રુર પ્રથા કેમ શોભે ?

જોકે આધુનીક યુગમાં તો દેહદાન જ ઉત્તમ છે.

છતાં વીકલ્પ રુપે ભુમી સંસ્કાર પણ એક સંપુર્ણ ભારતીય, નવીનતમ પદ્ધતી છે. તેમાં શબને જમીનની અંદર માટીના સંપર્કમાં આદર્શ દફન કરવાનું છે કે જેથી તેનું ઝડપથી માટીમાં રુપાંતર થઇ જાય. શક્ય હોય ત્યાં સુધી ત્યાં વૃક્ષ વાવવામાં આવે.

અંતમાં, ભુમીસંસ્કાર દુનીયાની સૌથી સારી, સસ્તી અને પ્રકૃતીગત પદ્ધતી છે અને બની રહેવી જોઇએ.

વીદ્યુત સ્મશાન પણ યોગ્ય વીકલ્પ તો નથી જ. ઇલેક્ટ્રીક સગડીથી રસોઇ મોંઘી પડે તેમ એ પણ મોંઘું જ પડે

ચતુર્મુખ બ્રહ્માનંદ

– રમણ પાઠક 'વાચસ્પતી'

(Don't Sweat the Small Stuff)

(ગતાંકથી ચાલુ)

આપણે સંગીતનૃત્યનો કોઇ કાર્યક્રમ તલ્લીન થઇને માણતા હોઇએ, અથવા તો નરસૈયો-ભક્ત હરીનો, હાથમાં કરતાલ બજાવતો ભક્તીગીત ગાતો, તરબોળ નાચતો હોય, ત્યારે તે અને એ જ રીતે આપણેય આનંદની સર્વોચ્ચ અવસ્થામાં પ્રવેશી જઇએ છીએ. એ જ સમાધી અને સમાધી એ તો પરમ આનંદની, બ્રહ્માનંદની અવસ્થા છે, એમ આપણા પુર્વજ રુશીમુનીઓ યથાર્થ કહી ગયા છે.

ખય્યામે દર્શાવેલાં આનંદનાં અન્ય બે ઉત્પાદક સાધનોનો આપણે અહીં કેવળ નામોલ્લેખ કરીશું, કારણ કે આપણે તો આજે બ્રહ્માને ચતુર્મુખની ચર્ચા સાથે મુળ પ્રશ્ન તો એ ચર્ચવાનો છે કે આવી સહજ આનંદસમૃદ્ધી છતાં માણસ દુ:ખી કેમ થાય છે, કેમ રહે છે? ખય્યામ-કથીત બે આનંદો તે 'a flask of wine' અર્થાત્ નશો અને બીજું એ 'thou' અર્થાત્ વીજાતીય પ્રેમ. પ્રેમનો આનંદ પણ આધ્યાત્મીક (એસ્થેટીક) આનંદ છે, અને એ બાબતે ભારત એક વીશીશ્ટ પ્રેમભુમી છે. કારણ કે વીશ્વના અન્ય કોઇ સમાજમાં 'પ્રેમલક્ષણા ભક્તી' નથી. હા, સુફીવાદના પાયામાં પણ પ્રેમતત્ત્વ છે ખરું, પણ આજે આ મુદ્દો એક કોર રાખીને આપણે એ મુળ પ્રશ્નની ચર્ચા કરીએ કે, આ આનંદબ્રહ્મરુપ સૃશ્ટીમાં માણસ અકારણ જ જીવનનો આનંદ ગુમાવતો રહે છે અને દુ:ખી થાય છે! એવું કેમ?

આનંદ મનુશ્યની છઠ્ઠી ઇંન્દ્રીયની અભીનવ શોધ છે અન્ય કોઇ પ્રાણી કલાનો આનંદ માણી શકતું નથી

આપણી ધર્મકથાઓ-પુરાણકથાઓ બધી પ્રતીકાત્મક હોય છે. તદનુસાર, બ્રહ્માજીનાં ચાર મુખ એ પણ કોઇક ઇતર તત્ત્વનાં સુચક એવાં અર્થગર્ભ પ્રતીકો જ હોવાં જોઇએ. તો એ ચતુર્મુખનું મારું અર્થઘટન એવું છે કે, આ બ્રહ્માસર્જીત વીશ્વમાં પ્રાણીજગતના ઉપર દર્શાવ્યા તે ચાર આનંદ એ જ બ્રહ્માનાં ચાર મુખ છે. માટે જ આ પાયાના એવા ચતુર્વીધ આનંદને 'બ્રહ્માનંદ' શબ્દથી ઓળખવામાં આવ્યા, એમ મારું માનવું છે. બ્રહ્માનંદ એટલે એક એવી આનંદસમાધી કે જેમાં આપણું સમગ્ર અસ્તીત્વ કેન્દ્રીભુત થાય છે.

હવે આપણે આવી સમાધી-અવસ્થામાંથી કેમ વીચલીત થઇએ છીએ, એની વીગતે ચર્ચા કરીએ, જે સંદર્ભે જ ગતાંકમાં ટાંકેલી કવીવર ટાગોરની કાવ્યપંક્તી સુસંગત બને છે. ટાગોર પોતાના એક કાવ્યમાં પરમેશ્વરને પ્રાર્થના કરતાં, જીવનને ઉદાત્ત તથા આનંદમય બનાવવા માટે કેટલીક શક્તીઓ આપવા વીનવે છે, જેમાંની એક તે આપણે ગતાંકમાં ટાંકેલી શક્તી છે: To raise my head high above the daily trisfles ! રોજીંદા જીવનમાં આપણને જે તુચ્છ અનુભવો થાય છે, અથવા તો તુચ્છ બાબતો સાથે આપણે કામ પાડવું પડે છે, એ જીવનનું અનીવાર્ય પાસું છે. ત્યારે જો એવી તુચ્છ ક્રીયા કે ઘટના તુચ્છ હોય અને પ્રતીકુળ પણ હોય તો આપણે દુ:ખી દુ:ખી થઇ જઇએ છીએ અને જીવનના પેલા સર્વોચ્ચ આનંદો અથવા તો આનંદમય જીવનની રસલ્હાણ ભલે તાત્પુરતી પણ, આપણે ગુમાવી બેસીએ છીએ. તાજેતરનો જ એક પ્રસંગ ટાકું, જેથી આ વીધાન સ્પશ્ટ થાય :

પહેલી સપ્ટેમ્બરે કવી જયંત પાઠકની પુણ્યતીથીની સભામાં સુરતમાં હાજરી આપીને હું બસમાં મારા ગામે પાછો ફરી રહ્યો હતો. જયંતના મૃત્યુની ઘટનાની સમૃતીથી શોકાતુર તો હતો જ, પરંતુ આનંદની જેમ, કેટલાક શોક પણ એસ્થેટીક (અધ્યાત્મીક) હોય છે. એ સહ્ય જ નહીં, સહેવા જોઇએ એવા લાગે. કારણ કે એમાં જ આપણી માનવીય લાગણીઓ-સંવેદનાનો પુરાવો હોય છે... હું જે બસમાં મોડી સાંજે પાછો ફરી રહ્યો હતો, તે બસ સર્વ ભારતીય બસો સદાય હોય છે એવી જ ચીક્કાર હતી, છતાં મારી નજર એક ખાલી સીટ પર પડી એટલે હું ત્યાં બેસવા પ્રેરાયો, પરંતુ એવી મારી કોશીશ જોતાં જ બાજુમાં બેઠેલાં બાનુ બરાડી ઉઠ્યાં : 'એ કાકા, એ તો મેં રાખેલી

છે, મારી છોકરીઓ હમણાં આવે છે !'... આમેય કોઇ પુરુશને કોઇ મહીલા 'કાકા' કહીને સંબોધે, ત્યારે એ નરકાકાને થોડુંક મનદુ:ખ તો થાય, પરંતુ એનાથી તો હું રીઢો થઇ ગયો છું ! પણ પછી તો એક જ કીશોરી આવી. પરીણામે મારા જેટલી જગ્યા તો બચતી જ હતી, છતાં પેલાં બાનુએ ફરમાન છોડ્યું. 'એ કાકા, ઉઠી જાઓ ! મારી જુવાન દીકરી આમ તમારી બાજુમાં ન બેસી શકે!' હું ઉભો થઇ ગયો, આભો બનીને ઉભો જ રહી ગયો! ૮૭ વર્શના મારા જેવા ડોસા 'કાકા'ની બાજુમાં બેસવામાં તમારી દીકરીને શું વાંધો?-એવો પ્રશ્ન મેં પુછ્યો નહીં.

પ્રસંગ બે રીતે દુ:ખદાયી હતો: (૧) આઝાદીનાં સાઠ સાઠ વર્શ-છ દાયકા બાદ પણ આમ (સામાન્ય) મુસાફરીની હજી આવી ને આવી જ દશા? (૨) હું

'જો ૮૭ વર્શના મારા જેવા ડોસાની બાજુમાં તમારી જુવાન દીકરી બેસી ના શકે તો તેનું કારણ તો સમજાવો.'

જાણીતો લેખક, પત્રકાર, વયોવૃદ્ધ, આ વીસ્તારમાં એકદમ આદરણીય પુરુશ-એને આ બાઇ એક કુતરાની જેમ હડેહડે કરી રહી છે! ધુળમાં મળી મારી એ પ્રતીશ્ઠાઓ અને બધી સીદ્ધીઓ! કેટલું તીવ્ર દુ:ખ થાય હેં? પરંતુ મેં તત્કાળ મન મનાવી લીધું કે દુનીયા તો આવી જ હોય, અને કમ સે કમ આ ભારતવર્શમાં તો આપણી અવદશા આવી જ હોય! પછી ભલે આપણે મોટા કે જાણીતા લેખક હોવાનો ફાંકો રાખીને ફરીએ! મેં એ દુ:ખદ લાગતા બનાવને સામાન્ય, તુચ્છ એવો રોજીંદો બનાવ ગણી લીધો. કવીવર ટાગોરની શીખ સદાય યાદ રાખીને હું હંમેશાં એમ જ મન મનાવી લઉં છું કે **તુચ્છ ઘટના કે બાબતોથી કદી તીવ્ર રીતે કે ઉંડેથી દુ:ખી ન થવું. બહુધા બીલકુલ અસ્વસ્થ ના થવું!** આવું તો ચાલ્યા જ કરવાનું, એમ માનીને તત્કાળ જ એને અવગણવુંય ભુલી જવું! એમ કરતાં શીખી લઇએ, તો જ આપણે જીવનના પેલા 'બ્રહ્માનંદો' યથેચ્છ માણી શકીએ તથા અક્ષુણ્ણ અનુભવી શકીએ.

આ સંદર્ભે આજે મને એક મોટા પશ્ચીમી લેખકનો દાખલો યાદ આવ્યો: લેખક રીચાર્ડ કાર્લસનને તેના નવા પુસ્તકના પ્રકાશકે કહ્યું કે, 'તમે આ પુસ્તક માટે વીખ્યાત-લબ્ધપ્રતીશ્ઠ લેખક ડૉ. વઇન ડાયરની પ્રસ્તાવના લઇ આવો તો પુસ્તકનું મુલ્ય એકદમ વધી જાય.' હવે બનેલું એવું કે કાર્લસને તેના અગાઉના પુસ્તક માટે પણ ડૉ. ડાયરની જ પ્રસ્તાવના લીધેલી, એથી બીજી વાર પણ એવા મહાન લેખકને આમ તકલીફમાં મુકવાનું એને ઠીક ન લાગ્યું, પરીણામે તેણે પ્રકાશકને ના પાડી દીધી કે 'ભાઇસાહેબ, મને આમ કરવું ઉચીત નથી લાગતું...' પછી તો પુસ્તક પ્રસીદ્ધ પણ થઇ ગયું, જેની નકલ હાથમાં આવી ત્યારે કાર્લસને જોયું કે, પ્રકાશકે તો પેલી જુની-અગાઉની પ્રસ્તાવના જ (ડૉ. ડાયરની) નવા પુસ્તકને લાગુ પડે એવા સ્વલ્પ ફેરફાર સાથે છાપી દીધેલી! કાર્લસનને તીવ્ર આઘાત લાગ્યો: 'આ તે પ્રકાશકની કેવી ધૃશ્ટતા! અને ડૉ. ડાયરને આવું જોઇને કેવું લાગશે? તેઓ મારા વીશે શું ધારશે?' કાર્લસન આવી અણગમતી ઘટનાથી દુ:ખી દુ:ખી થઇ ગયો.

તેણે તત્કાળ ડૉ. ડાયરને પત્ર લખીને ક્ષમા માગી અને હકીકતની સ્પશ્ટતા કરી કે, 'મારી જાણ બહાર જ પ્રકાશકે આવું દુશ્કૃત્ય કર્યું છે, તો ખુબખુબ દીલગીર છું.'... થોડાં અઠવાડીયાં તો કાર્લસને રાહ જોઇ કે કંઇ નહીં તો પોતાની નારાજી વ્યક્ત કરતો, કદાચ ઉગ્ર એવો ડૉ. ડાયરનો જવાબ આવશે, પરંતુ પછી જ્યારે મોડો મોડોય ડૉ. ડાયરનો પત્ર આવ્યો, ત્યારે લેખક તો આશ્ચર્યથી દંગ જ થઇ ગયા: ડૉ. ડાયરે જવાબમાં લખ્યું કે, "Don't Sweat for small things! Its all Small stuff. કાર્લસન, ભાઇ, આવી તુચ્છ બાબત માટે તું દુ:ખી ન થતો! આ બધી તો સાવ તુચ્છ ઘટના કહેવાય, ભુલી જા! લી. ડાયરનાં સપ્રેમ.''

આવો પત્ર વાંચી કાર્લસનને વીચાર આવ્યો કે, કેવી કેવી નાખી દેવા જેવી તુચ્છ બાબતોથી દુ:ખી થઇને, આપણે જીવવાનો આનંદ ગુમાવીએ છીએ! અને તેણે આખું એક પુસ્તક લખ્યું, જેનું નામકરણ છે: ડૉ. વેઇન ડાયરના પત્રના જ પેલા શબ્દો: Don't Sweat the small stuff-આ પુસ્તકમાં રીચાર્ડ કાર્લસને, માણસ કેવી કેવી સાવ અવગણના કરવા

જેવી તુચ્છ બાબતે અકારણ દુ:ખી થાય છે!-એના ખાસ્સા સો જેટલા મુદ્દા-નમુના દર્શાવી, એની બોધક ચર્ચા કરી છે. એમાંથી કેટલીક અગત્યની નોંધપાત્ર બાબતો અત્રે ટાંકું: **(૧) તમારી અપુર્ણતાઓ સાથે સમાધાન કરી લો. (૨) અન્યો પ્રત્યે સહાનુભુતી કેળવો (૩) બીજા માટે કશુંક નાનું-મોટું કરી છુટો અને પછી ક્યારેય ક્યાંય એનો ઉલ્લેખ ન કરો (૪) વર્તમાનમાં જ જીવતાં શીખી લો. (૫) બને તેટલી ધીરજ કેળવો. (૬) કોઇ પણ અણગમતી ઘટનાનું મહત્ત્વ કેટલો સમય? જાતને પુછી લો. (૭) પ્રતીસપ્તાહ શક્ય હોય તો એક લાગણી ઝરતો પત્ર મીત્ર યા સ્નેહીજનને લખો (૮) અજાણ્યાને પણ તમે સસ્મીત 'હેલો' કરતા રહો. (૯) સારા શ્રોતા બનો. (૧૦) નીંદા-ટીકાથી અસ્વસ્થ ન થાઓ, વખાણ કે નીંદા બધું જ સરખું માનો. (૧૧) થોડી ઘણી સેવા કોઇની જરુર કરો (૧૨) બદલાની આશા બીલકુલ ન રાખો. (૧૩) તમારું પોતાનું મુલ્યાંકન સમગ્રે કરો. (૧૪) હળવા રહો. (૧૫) કોઇનોય વાંક ન જુઓ. (૧૬) તમારી લાગણીઓને ધ્યાનપુર્વક તપાસો. (૧૭) ભરપુર પ્રેમ કરો. (૧૮) શું મહત્ત્વનું અને શું તુચ્છ? એ સમજવાની નીરંતર કોશીક કરો (૧૯) તમારા કાર્યમાં જ મસ્ત-રત રહો. (૨૦) આજે જ જીંદગીનો છેલ્લો દીવસ છે-એમ સમજીને જીવો!**

માણસ કેવી કેવી - તદ્દન તુચ્છ બાબતોએ અકારણ દુ:ખી થાય છે !

ઝેન ફીલસુફીનો એક ઉપદેશ છે: જો તમે પ્રતીકુળ પરીસ્થીતીનો કડીતોડ સામનો કરવાને બદલે, એને સ્વીકારી લેશો, let go કરતાં શીખી લેશો, તો જીવન જીવંત બનીને વહેવા લાગશે. જે બદલી શકાય તેવી હોય, તેને જરુર બદલો; જે ન જ બદલાય એવી હોય એને સ્વીકારી લો અને આ ભેદ યથાર્થ સમજવાની વીવેકબુદ્ધી કેળવો!

તો ભાવક મીત્રો, ઐહીક જીવનનું સર્વોચ્ચ ધ્યેય આનંદબ્રહ્મનો અનુભવ માણવાનો જ છે એ સમજો અને રોજીંદા જીવનની તુચ્છ બાબતો એને અકારણ ક્લુશીત ન કરે, એનું સતત ધ્યાન રાખો!

[ગુજરાત સરકારના મુખપત્ર 'ગુજરાત'ના દીપોત્સવી અંક ૨૦૦૮માંથી]

પ્રેશક: દામજી સાવલા

મક્કમ મનના માનવીને હીમાલય નડતો નથી
નબળા મનના માનવીને રસ્તોય જડતો નથી - પરેશ ધકાણ-સુરત

ચમકારો

સીદ્ધીવીનાયક માટે અદકેરી સુરક્ષા

પ્રભાદેવી-મુંબઇના સીદ્ધીવીનાયક મંદીરના ટ્રસ્ટીઓએ મુંબઇ પર થયેલા આતંકવાદી હુમલાને અનુલક્ષીને મહારાશ્ટ્ર સરકાર પાસે માગણી મુકી છે કે મંદીરની સુરક્ષા માટે હજી વધુ ૩૦ કમાન્ડો આપો. અહીં રોજ ૨૫૦૦૦ અને મંગળવારે તો બે લાખથી વધુ ભક્તો ઉમટે છે.

[તા. ૨૫મીના અખબારી સમાચાર]

માગણી સાથે ટ્રસ્ટીઓએ સરકારને આમ પણ કહેવું જોઇતું'તું : કારણ, અમે તો જાણીએ જ છીએ કે અમારા સીદ્ધીવીનાયક પોતાને કે પોતાના ભક્તોને બચાવી શકે તેમ નથી જ. પણ અહીં મહત્વનો પ્રશ્ન તો ધીકતી દુકાનદારી અને મબલખ આવકનો પણ છે.

તા. ૧લી ફેબ્રુઆરીના જવાહરી મીત્રમીલનમાં બપોરે સાડા ત્રણ વાગ્યે વીલેપાર્લે (પ.)ની રાશ્ટ્રીય શાળામાં જરુર આવી પુગજો

ગુજરાત સરકારના મુખપત્ર 'ગુજરાત'માં જલારામ બાપાના એક અંકમાં ફુટપાથીયા ચોપડીમાંથી ઉઠાવીને 'બાપાના પરચા' છાપવામાં આવ્યા હતા.

આપોને એનીય તાલીમ

– રજનીકુમાર પંડ્યા

ભારતના બંધારણ કલમ ૫૧-એચ આપણા દેશમાં કદાચ સૌથી વધુ અવગણાતી અને હડધુત થતી કલમોમાંની એક છે. આ કલમ મુજબ અંધશ્રદ્ધા પ્રતીરોધ અને વૈજ્ઞાનીક અભીગમનો ફેલાવો સૌ નાગરીકો અને શાસન દ્વારા અભીપ્રેત છે, પરંતુ આપણે જોઇએ છીએ કે મુદ્રીત માધ્યમ હોય કે ઇલેક્ટ્રોનીક્સ માધ્યમ, ચોમેરથી અંધશ્રદ્ધા, વહેમ, ભુત, પ્રેત, જાદુઇ ઇલાજ, જાદુ-ટોણા, તંત્ર-મંત્ર, જીવાત્મા આદીનો જ અંધાધુંધ પ્રસાર અને પ્રચાર થઇ રહ્યો છે.

પણ આ કાર્ય જ્યારે શાસનની ધુરા સંભાળનારા કરે ત્યારે **'માઝી (નાવીક) જો નાવ ડુબોયે, ઉસે કૌન બચાયે ?'**ની પંક્તી યાદ આવી જાય છે.-જરા વીગતે વાત કરું.

તરવું, તાંતરવું, (તંતરમંતર કરવાં) ને તસ્કરવું (ચોરી કરવી) એને પણ વીદ્યા ગણવામાં આવી છે.

થોડા જ સમય પહેલાં જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધીકારી-ગાંધીનગર દ્વારા કર્મકાંડ તાલીમવર્ગની જાહેર ખબર પ્રગટ થઇ (ગુજરાત સમાચાર તા. ૧૧-૫-૦૮). આ કર્મકાંડ તાલીમવર્ગ કોઇ શાસ્ત્રોક્ત વીધીની તાલીમ માટેનો નહીં, પણ અનુસુચીત જાતી પૈકી 'અતી પછાત જાતી'ના બેરોજગાર યુવકોને તેમના વડવાઓના પણ વડવાઓના વખતથી ચાલી આવતી વંશપરંપરાગત કર્મકાંડની તાલીમ આપવાનો હતો !

એ અતીપછાત જાતીના માનવીય ગૌરવ પરત્વેના સંપુર્ણ આદર સાથે કહું તો એ 'વંશપરંપરાગત કર્મકાંડ'માં શું હોય છે ? બેશક, ભુવા-ડાકલાં, મુઠ-ચોટ, બીમારીની સારવાર તબીબી રીતે કરવાને બદલે મંતરેલાં પાણી, પશુબલી, નજર ઉતારવી અને અનેક પ્રકારની એવી એવી અમાનુશી વીધીઓ હોય છે કે જેનું વર્ણન માત્ર કંપારી ઉપજાવે. હવે, આ વંશપરંપરાને 'તાલીમ'નું સોહામણું નામ આપીને આગળ ધપાવવાનું કામ સરકારે કરવાનું છે કે એ લોકોને વૈજ્ઞાનીક દૃશ્ટીકોણ બક્ષીને તેમાંથી છોડાવવાનું ? મહારાશ્ટ્ર સરકારે તો જાદુ-ટોનાવીરોધી કાયદો પસાર કરવાની પ્રક્રીયા ચાલુ કરી દીધી છે.

પાંચ-સાત વર્શ પહેલાં ગુજરાત સરકારના મુખપત્ર 'ગુજરાત'માં જલારામબાપાના અમુક પ્રસંગ નીમીત્તે બહાર પાડવામાં આવેલા અંકમાં ફુટપાથીયા ચોપડીઓમાંથી ઉઠાવીને 'બાપાના પરચા' છાપવામાં આવ્યા હતા ! હા, એ વખતે તંત્રીપદું સંભાળનારા અધીકારી એ માનસીક કક્ષાના હશે અથવા 'ઉપર'નું કોઇ દબાણ હશે, પણ સરવાળે ભંગ તો બંધારણની જોગવાઇનો જ થયો.

ગોધરાના હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ ઍસોસીયેશને ઉપર જણાવેલા તાલીમ વર્ગ સામે બંધારણની કલમ ૫૧-એચની આણ દઇને આવેદનપત્ર મોકલીને આને માટે રાજ્ય સરકાર સામે પગલાં લેવા વીનંતી કરી તો રાજ્યપાલના સચીવ તરફથી એ સંસ્થાનાં પ્રમુખ મુકુંદ સીંધવને ઉદ્દેશીને ૩૦-૯-૨૦૦૮નો પત્ર લખવામાં આવ્યો, જેનો સાર એ હતો કે એ તો બધું એ યુવકોને પુરક રોજગારી પુરી પાડવા હેતુથી કરવામાં આવી છે, એમાં કશું ખોટું નથી !

ઘણા લોકોના પુરક રોજગારી માટેના 'વ્યવસાયો' અનેકવીધ હોય છે. તો શું તેમને એ બધા ગોબરા વ્યવાસાયોની પણ તાલીમ આપવાની કે ?

તરવું, તાંતરવું, (તંતરમંતર કરવાં) ને તસ્કરવું (ચોરી કરવી) એને પણ વીદ્યા ગણવામાં આવી છે. આપોને એનીય તાલીમ !

વીવેકપંથી ૮૧

તંત્રીની કલમે

આવ્યા, મળ્યા અને ચાલ્યા ?

dમારો આ તંત્રી અંગ્રેજીમાં કાચો છે એ તો હવે તમે જાણો જ છો. અંગ્રેજી ના જાણનારા રેશનાલીસ્ટોને ચાસીન દલાલ જેવા કોઇ વીદ્વાન જો આધા-અધુરા રેશનાલીસ્ટ ગણે તો તેની સામે પણ વીરોધ હોઇ શકે નહીં.

મુંબઇ પાછા ફરીને ભગવાનજી રૈયાણી સાથે વીજયવાડાની વાત કરી, તો એમણે પણ પહેલો પ્રશ્ન એ જ કર્યો, ''તમને તો વડીલ, અંગ્રેજીની મુશ્કેલી છે અને ત્યાં બધું અંગ્રેજીમાં જ ચાલ્યું હશે. તો સમસ્યા ના થઇ ?'' મારો જવાબ હતો, ''જરુર થઇ, પણ દરેક સમસ્યા ઉકેલ લઇને જ જન્મે છે. મારી સાથે હર્શા હતી અને વધારામાં ડંકેશ જેવા જાણકાર સોબતી મળી ગયા.''

ડંકેશનો જે સમીક્ષાત્મક અને વીધાયક અહેવાલ પાના ૧૮ થી ૨૧ ઉપર આપ્યો છે તે ધ્યાનથી વાંચવા જેવો છે, જરુર વાંચજો. જે કેટલાક ધ્યાન આપવા જેવા મુદ્દા મને એમાં લાગ્યા છે તેના પર અહીં અછડતો પ્રકાશ ફેંકવાનો પ્રયત્ન કરું છું.

(૧) ગોરાનો વીશાળ પરીવાર તેમના નાસ્તીક કેન્દ્ર દ્વારા વીજ્ઞાન, આરોગ્ય, શીક્ષણ, મહીલા સશક્તીકરણ અને ગુનેગારોને સુધારવાનું કામ કરી રહ્યો છે.

(૨) પેરીયાર અને ગોરા નાસ્તીકતાની લોકચળવળના સીક્કાની બે બાજુઓ છે. નાસ્તીકતાની ચળવળને દુનીયાનું કોઇ પરીબળ હવે અટકાવી શકે તેમ નથી.

(૩) દસેક દેશોના ૨૦ (વીદેશી) પ્રતીનીધીઓ ઉપરાંત પંજાબ, ઓરીસ્સા, પશ્ચીમ બંગાળ અને છેક ઉત્તર-પુર્વથી પણ પ્રતીનીધીઓ આવ્યા હતા.

(૪) ધર્મમુક્તીની ચળવળ ફ્રી થીંકર્સ, રેશનાલીઝમ, નોન-બીલીવર્સ, હ્યુમેનીસ્ટ, નાસ્તીક વગેરે નામે ઓળખાય છે. પણ મુદ્દે વાત મુક્ત વ્યક્તીત્વ અને સમાજ પરીવર્તનની છે.

(૫) ઇશ્વરના ઇન્કારમાં જ નાસ્તીકતા સમાપ્ત થઇ જતી નથી, બલ્કે ત્યાંથી તેની શરુઆત થાય છે.

(૬) ધાર્મીક અને વૈયક્તીક સ્વાતંત્ર્ય સ્વસ્થ સમાજના વીકાસનો પાયો છે.

(૭) વીશ્વે હવે ધર્મ અને રાશ્ટ્રને પાછળ છોડીને વૈશ્વીક સમાજના નીર્માણમાં આગળ વધવાની જરુર છે.

(૮) બાળક ધર્મ વગર જ જન્મે છે, માતાપીતા પાછળથી એને ધર્મમાં ઢાળી દે છે.

(૯) શ્વેત-શ્યામ ગણવેશ ધારણ કરીને બ્રાહ્મણવીરોધી ચળવળના મહાન નેતા પેરીયારને તેના ચાહકોએ ભગવાનનું રુપ આપી દીધું છે. હાથમાં સમીધો લઇને ઉભેલા માણસો વૈકલ્પીક ભગવાનોની શોધમાં જ હોય છે.

(૧૦) નાસ્તીકતામાં ગુંચવાડો ઓછો છે. (આપણે તો) હ્યુમન બની, વૈજ્ઞાનીક માનસ કેળવી, પ્રશ્નો ઉભા કરતા રહી નીસ્તબતપુર્વક કેવળ પોતાના માટે જ નહીં, પણ બીજાને માટે પણ જેટલું થઇ શકે તેટલું કરી છુટવાની જવાબદારી નીભાવવાની છે.

ડંકેશના આટલા મુદ્દા પર પ્રકાશ ફેંક્યા પછી મારા નીરીક્ષણમાં આવ્યું તેની વાત પણ લગેહાથ કરી જ લઇએ ને !

ગોરાના વીશાળ પરીવારના આબાલ-વૃદ્ધ, નર-નારી સૌ પરીશદના આયોજનમાં દીવસોથી નહીં, પણ અઠવાડીયાંઓથી ઓતપ્રોત રહ્યા હશે જેનું વાજબી પરીણામ પરીશદમાં જોઇ શકાયું.

૭૧ વર્શના ડૉ. વીજયમ્નો તરવરાટ અને કાર્યક્ષમતા ૧૭ વર્શના યુવાનને છાજે તેવાં જણાયાં. આ માણસને થાક સાથે શું કોઇ સંબંધ જ નહીં હોય !

પરીશદમાં ૨૦ વીદેશીઓની સામે તેટલા જ ગુજરાતીઓની સંખ્યા ધ્યાનાકર્શક રહી. જો કે અશ્વીન કારીઆને બાદ કરતાં ગુજરાતના પીઢ રેશનીસ્ટોની ગેરહાજરી પણ એટલી જ ધ્યાનાકર્શક રહી. શું કારણ હશે ?

વીજયમ્ના એકહથ્થુ સભાસંચાલનને કારણે અને કદાચ પુર્વ આયોજનના અભાવે કેટલીક મર્યાદાઓ પણ છતી

થઇ. દા.ત. વક્તાઓની પસંદગી વીજયમ્‌ની પોતાની, તો પોતે શું બોલવું અને બોલવામાં કેટલો સમય લેવો તેની મુન્સફી વક્તાની પોતાની.

ભાશણો ઘણાં થયાં તેમ કહેવાની સાથે બધાં જ સારાં થયાં તેમ કહેવું હોય તો વીચાર કરવો પડે. ખાસ કરીને આમાં ટુંકાં અને મુદ્દાસરનાં ભાશણો માટે ગુજરાતી વક્તાઓનાં અંગ્રેજી ભાશણોને દાદ દેવી પડે.

મારું સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હૈદરાબાદથી આવેલા ઇનૈયાના ભાશણના આ પ્રારંભે – Came, met and went away **(આવ્યા, મળ્યા અને ચાલ્યા.) વીજયવાડામાં તો જો કે પરીશદના અંતે એક જાહેરનામું વાંચવા અને વહેંચવામાં આવ્યું, જેનું ગુજરાતી ભાશાંતર અહેવાલમાં ૧૮મે પાને જોઇ શકાશે, વળી ગોરા પરીવારના અર્થકારણથી આપણે પુરા વાકેફ ન હોવાથી એના વીશે કંઇ પણ અભીપ્રાય આપવામાં ઉતાવળ તો ના જ કરાય, પરંતુ સર્વસામાન્ય અનુભવ કહે છે કે મોટાભાગનાં આવાં ભવ્ય આયોજનોનું પરીણામ 'આવ્યા, મળ્યા અને ચાલ્યા'થી વીશેશ ભાગ્યે જ જોવા મળતું હોય છે.**

મળેલી માહીતી, પ્રમાણે વીજયવાડામાં ૩૦૦ ડેલીગેટોના શુલ્ક રુપે રુપીયા દોઢ લાખ જમા થયા, જેની સામે ખર્ચ ત્રણ લાખથી ઉપરનો થયો. ઉપરાંત જે માનવ કલાકો ખર્ચાયા તેનો ટાળો તો કેમ મેળવવો ?

મુદ્દે કહેવાનું એટલું જ કે સર્વત્ર લગભગ આમ જ થતું આવ્યું છે અને થવું સ્વાભાવીક પણ છે. તેમ છતાં લાગતની સામે વળતરનો પણ વીચાર કરવાની જરુર હવે તો આપણને જણાવી જ જોઇએ એમ નથી લાગતું ?

દશા-દીશા

વરીશ્ઠો સહીત તમામ રેશનાલીસ્ટોનો વર્શોજુનો વીચાર છે કે રેશનાલીસ્ટ જીવનશૈલી અને રેશનાલીઝમ સ્પશ્ટપણે વ્યાખ્યાતીત થવાં જોઇએ.

આ માટે ચાર પીઢ વીચારકો-જયંતી પટેલ, ધવલ મહેતા, દીનેશ શુક્લ અને કીરણ નાણાવટીએ પરીશ્રમપુર્વક દશા-દીશાનો દસ્તાવેજ તૈયાર કર્યો હતો, જે પ્રકાશીત પણ કરવામાં આવ્યો છે. આ દસ્તાવેજમાં ગુજરાતી રેશનાલીઝમનો ઇતીહાસ ટાંકતાંની સાથે રેશનાલીસ્ટનાં ૩૦ લક્ષણો પણ કંડારવામાં આવ્યાં છે.

ગુ.મું.રે. ઍસોસીએશનના ઉપક્રમે તા. ૨૪-૨૫ નવેમ્બર, ૨૦૦૭ના રોજ પાલનપુર ખાતે મળનારા રાશ્ટ્રીય સ્તરના અધીવેશન પુર્વે જ તૈયાર કરાયેલો આ દસ્તાવેજ આગળની કાર્યવાહી માટે અધીવેશનમાં રજુ પણ કરવામાં આવ્યો હતો, જેનું કોઇ પરીણામ ના મળતાં નીરાશા સાંપડી હતી.

ત્યારબાદ દશા-દીશા સમીતીનું સ્વતંત્ર રીતે પુનર્ગઠન કરવામાં આવ્યું છે, જે સમીતીની બેઠક યોજીને આગળનો કાર્યક્રમ નક્કી કરતાં પહેલાં વરીશ્ઠોની સલાહ છે કે એ ઉપક્રમ ઍસોસીએશનના બૅનર નીચે જ આગળ વધે તે માટે એક વધુ પ્રયત્ન કરી જોવો.

હવે પાના ૨૨ ઉપર આપેલી જાહેરાત પ્રમાણે જ્યારે ઍસોસીએશનની સામાન્ય સભા મળી જ રહી છે ત્યારે તેવો એક વધુ પ્રયત્ન કરી જોવાનું ઠરાવાયું છે. આશા રાખીએ કે પ્રયત્ન સફળ થાય.

– ગુલાબ ભેડા, સંયોજક

ચોરવાડમાં ૫૭ ઘેટાં કાપવાનો બનાવ

ચોરવાડના મનોજ ઉર્ફે મનુ ભીખુ ચુડાસમા નામના યુવાને પેટમાં પાણી ભરાવાની બીમારી હોઇ સારવાર પણ કરાવી હતી. બાદમાં અંધશ્રદ્ધાને લીધે તેણે સંગતાઇ માતાજીના મંદીરે ૧૦૧ ઘેટાંની બલી ચઢાવવાની માનતા માની હતી. માનતા પુરી કરવા તેણે ૫૫ હજાર રુપીયાનાં ૧૦૧ ઘેટાં ખરીદ્યાં હતાં અને કાપ્યા પછી મટનની સામગ્રીના વધુ ૨૫ હજાર રુપીયાનો ખર્ચ કર્યો હતો.

આ અંગે જાથા અને પોલીસ કાફલો મંદીરે ત્રાટક્યો હતો અને ૪૪ ઘેટાંને બચાવી લીધાં હતાં. જ્યારે ૫૬ ઘેટાં માથાં કપાયેલી હાલતમાં મળી આવ્યાં હતાં.

પોલીસે મંદીરમાંથી ભુવા નરસી તથા મનોજ ઉર્ફે મુના સહીત ૧૨ શખ્સોની ધરપકડ કરી હતી. જ્યારે ઘેટાંનાં માથાં કાપતા ૪૦ લોકો નાસી છુટ્યા હતા

જાથાએ લગ્નના પ્રચલીત રીવાજોનો ભાંગીને ભુક્કો કર્યો

જાનૈયા ભુત-પલીત અને વાજાંને બદલે ડાકલાં; શુકનવંતા લાલ રંગના સ્થાને કાળો રંગ :

શુભ મુહુર્ત ? એ વળી શું ? મીયાં-બીબી રાજી તો ક્યા કરેગા કાજી ? વર-વધુની ઇચ્છા અને પરણવાની તૈયારીથી વીશેશ લગ્નમાં બીજું કંઇ જોઇએ જ નહીં. ગ્રહશાંતી ને હોમ-હવન કરનારા ગોરમહારાજોને કહી દેવાનું 'મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ ?'

લગ્નની આગલી સાંજે ફુલેકું નીકળ્યું ભુત-પીશાચ અને ડાકણનાં કાળાં વસ્ત્રધારી જાનૈયાઓનું જેમાં વાજાંને બદલે ડાકલાં વાગ્યાં. ઑર તો ઑર... ફુલેકું ફરતી વધુએ પણ લાલ ચુંદડીને બદલે કાળી સાડી પહેરી, કાળી મોટરમાં જ સ્થાન લીધું. તો કંકોત્રી લાલ રંગમાં જ છપાવવી જોઇએ એવું કોણે કહ્યું ? અહીં તો કંકોત્રી પણ છપાઇ કાળીભઠ્ઠ.

સમાજને સરાજાહેર બતાવી દેવામાં આવ્યું કે જુઓ, સુધારો કરવો જ હોય ને, તો આમ થાય

હવે ગાવાની જરુર નહીં, 'યે લાલ રંગ, કબ મુઝે છોડેગા ?'લાલ રંગ તમને નહીં છોડે, તમે જ એને શુકનવંતો ગણવાને બદલે છોડી દો. રંગમાં રંગ તો કાળો રંગ, જેને દાગ પણ લાગે નહીં. ટુંકમાં લગ્નપ્રસંગને લગતા એકેએક રીવાજ અને વીધી-વીધાનને જાકારો આપીને અહીં સમાજને સરાજાહેર બતાવી દેવામાં આવ્યું કે જુઓ, સુધારો કરવો જ હોય ને, તો આમ થાય.

જી હા, તમે બરાબર સમજ્યા છો. આપણે વાત કરી રહ્યા છીએ, જાથાના જયંત પંડ્યાની પુત્રી ચાંદનીનાં નરેન્દ્ર ગોરના પુત્ર નીશાંત સાથેનાં તા. ૧૯મી ડીસેમ્બરે થયેલાં લગ્નની. નરેન્દ્ર ગોર પણ ભુજના આપણા રેશનાલીસ્ટ મીત્ર છે અને તેથી જ 'આવ ભાઇ હરખા, કે આપણે બેઉ સરખા.'

તા. ૧૮મીની સાંજનું ઉપર વર્ણવેલું ફુલેકું જોવા રાજકોટના રાજમાર્ગો પર જબરો માનવ મહેરામણ ઉમટ્યો હતો. (તસવીર ત્રીજા મુખપૃશ્ઠ પર).

આ પ્રસંગે ભડવીર જયંત પંડ્યાએ રાશીમેળાપ, મુહુર્ત, ચોઘડીયાં, ગ્રહશાંતી, હોમ-હવન, મંડપરોપણ, સપ્તપદી, ગ્રહોની દશ્ટી, જ્યોતીશનો ઘોંચપરોણો વગેરે બધાં જ તુતની ઐસીતૈસી કરી નાખીને એક અજોડ-અદ્‌ભુત દાખલો બેસાડ્યો હતો-જોકે કેટલીક બાંધછોડ તો કરવી જ પડી, પણ આ કૌતુકને ઇલેક્ટ્રીક અને પ્રીન્ટ મીડીયાએ મહત્ત્વનું સ્થાન આપીને આવકાર્યું હતું.

અમાસની કાલીમા ઓઢીને 'ચાંદની' એવી તો ચમકતી હતી કે જોનારની આંખ અંજાઇ જાય. તો હરખઘેલો નીશાંત પણ જાણે ગાઇ રહ્યો હતો, 'અંધારી રાત ગઇ ઓસરી ને ઉગ્યું અનેરું પ્રભાત.'

આ ભડકતી-ભડકાવતી ક્રાંતી કરી બતાવવા બદલ રેશનાલીસ્ટ જગતે જરુર જયંત પંડ્યા અને નરેન્દ્ર ગોરની પીઠ થાબડવી પડે.

તા. ૨૨મી ડીસેમ્બરે ઉત્સાહીત સ્વરમાં ફોન પર જયંત પંડ્યા 'વીવેકપંથી'ને કહે છે, ''ચાંદની ને નીશાંત દાર્જીલીંગ ઉપડી ગયાં છે, ઠેરઠેરથી અભીનંદનવર્શા થઇ રહી છે. લોકો વીચારતા થઇ ગયા છે. એડી. ડી. જી. પી. રાજન પ્રીયદર્શી આ ક્રાંતીકારી પ્રયોગ બદલ અભીનંદન આપવા જાતે મારે ઘેર આવ્યા હતા.''

''શાબ્બાશ''

બાળદીક્ષા :

એક ગંભીર સામાજીક ગુનો

– લલીત નગરશેઠ

નવેમ્બર, ૨૦૦૮ના અંકમાં પ્રકાશીત 'બાળદીક્ષા : ખીલતી કળી મુરઝાવાને મારગે'ના લેખક ભગવાનજી રૈયાણીને આવા સંવેદનશીલ વીશય પર માહીતીપુર્ણ લેખ લખવા બદલ અભીનંદન.

આ બાબતમાં જ્ઞાની જૈનાચાર્યોને નમ્રભાવે પુછવાનું કે બાળદીક્ષાનું સમર્થન કયા આગમોમાં કે મહાવીરના કયા ઉપદેશમાં વાંચવા મળે છે ? સ્વયં પ્રભુ મહાવીરે જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમની ઉંમર ૩૦ (ત્રીસ) વર્શ ઉપરની હતી તેમ જ તેઓ એક પુત્રીના પીતા થઇ ચુક્યા હતા. પ્રભુ મહાવીરે પોતાનાં માતા-પીતાની હયાતી સુધી દીક્ષા લીધી નહોતી એટલું જ નહીં, પણ માતા-પીતાના દેહાંત પછી પણ તેમણે તેમના મોટાભાઇ નંદીવર્ધનની સંમતી મેળવીને જ દીક્ષા લીધી હતી.

ખુદ મહાવીરે ૩૦ વર્શની ઉંમરે માતા-પીતાના દેહાંત પછી જ દીક્ષા લીધી હતી

આવી કુમળી વયના નીર્દોશ અને અબુધ બાળકોને દીક્ષા આપી ગુરુ-મહારાજો અને આચાર્ય-ભગવંતો ગુરુભક્તીના નામે બાળસાધુઓ પાસે વેઠ-મજુરી કરાવે છે. આ બાળસાધુઓને આધુનીક જ્ઞાન-વીજ્ઞાનથી વંચીત રાખીને જરીપુરાણા (કાળગ્રસ્ત) શાસ્ત્રો ગોખાવવામાં આવે છે. આ રીતે બ્રેઇન વૉશીંગ (Brain Washing) પદ્ધતીથી 'કેળવાયેલ' બાળસાધુ આગળ જતાં પોતાના જ સંપ્રદાયમાં રાચનાર મીથ્યાભીમાની સાધુ બનવાની પુરેપુરી ક્ષમતા પ્રાપ્ત કરે છે.

અણસમજણામાં દીક્ષા ગ્રહણ કરનાર બાળસાધુ પરીપક્વ ઉંમરે જો સ્વતંત્ર રીતે વીચાર કરતો થાય તો બળવો કરી સંન્યાસ તોડીને પાછો 'સંસાર'માં આવે છે. જોકે આવી નૈતીક હીંમતના દાખલા જવલ્લે જ જોવા મળે છે. આવી નૈતીક હીંમત દાખવનાર યુવક-યુવતીને સમાજે સહર્શ સ્વીકારી લેવાં જોઇએ.

જેમ સતી થવા ઉપર પ્રતીબંધક કાયદો છે અને તેમાં સતી થવા ઉશ્કેરનાર, સાથ આપનાર માટે કઠોર દંડ-સજા કરવાની જોગવાઇ છે તેવી જ કઠોર જોગવાઇઓ ધરાવતા કાયદા મારફત બાળદીક્ષા, બાળલગ્ન અને બાળમજુરી ઉપર પ્રતીબંધ મુકવો જોઇએ. બાળદીક્ષામાં સામેલ વ્યક્તીઓનો બહીસ્કાર અને વીરોધ થવો જોઇએ.

અત્રે મને યાદ આવે છે કે આઝાદી મળી તે પુર્વે વર્શો અગાઉ જૈન સમાજમાં બાળદીક્ષા વીરોધી એક મોટુ આંદોલન લાંબા સમય સુધી ચાલ્યું હતું. આવા આંદોલનમાંથી જ તે જમાનામાં ક્રાંતીકારક ગણી શકાય તેવી સંસ્થા-'મુંબઇ જૈન યુવક સંઘ'ની સ્થાપના કરવામાં આવી હતી, પરંતુ અફસોસની વાત એ છે કે તે સંસ્થાના પ્રાણસમા જોશીલા આગેવાન પરમાનંદ કુંવરજી કાપડીયાના દેહાંત પછી આ સંસ્થા પણ મૃત:પ્રાય થઇ ચુકી છે.

આઝાદી પુર્વેની પેઢી કરતાં વર્તમાન પેઢી વધુ ધર્મઘેલછા ધરાવે છે. આ દશ્ટીએ આપણે બધા વધુ પછાતપણામાં ધકેલાતા જઇએ છીએ.

પ્રશ્ન ક્રુરતા ને કરુણતાનો છે

– મીનળ દીક્ષીત

પી.ડી. સુમેસરાભાઇનો અંક ૭૯ ઑક્ટોબર '૦૮ માંહેનો લેખ વાંચીને આઘાત લાગ્યો.

ધર્મ ઝુંબેશ ચલાવી પ્રાણીઓની ક્રુર હત્યા અટકાવવામાં ખોટું શું છે ભાઇ ?

હું પોતે પણ પુર્ણ રેશનાલીસ્ટ છું. ભારતમાં માત્ર મુસ્લીમ-ખ્રીસ્તી નહી, પણ ૮૫ ટકા હીન્દુઓ પણ માંસાહારી છે ? પણ આ વાત ધર્મની નથી, ક્રુરતાની છે.

બીનસાંપ્રદાયીકતાને વરેલો દેશ ક્રુરતાવીરોધી ના હોય ? ન્યાત-જાત ધર્મની પેલી પાર જઇ આતો પ્રાણીહત્યાબંધી બંધ કરવાની ટહેલ છે.

તમે ક્યારેય બળદ-બકરાંને ઠાંસીઠાંસીને ટ્રકમાં ભરીને કઇ રીતે લઇ જવાતાં હોય છે તે નજરે જોયું

છે ? માછલીને કેવો અને કેટલો ત્રાસ અપાય છે તે જોયું છે ? એક વખત સગી આંખે આ જોવાની જરુર છે. ડુક્કરને મારતી વખતે તેની યાતનાભરી ચીસો જો એકવાર સાંભળો તો ખબર પડે.

માનવી મુળભુત રીતે માંસાહારી પ્રાણી નથી. એનામાં માયા અને અન્ય પ્રાણીઓ પ્રત્યેની અનુકંપા ભારોભાર ભરેલી છે. વળી સ્વાસ્થ્ય માટે માંસાહાર ત્યજવો કંઇ બહુ કઠણ નથી. અન્ન, ફળ, શાકભાજી પર જીવતો માણસ પણ તંદુરસ્ત રહી શકે છે. આહાર-માંસાહાર કે શાકાહાર માણસની મુન્સફી પર નીર્ભર નથી. એનો પાયો કરુણા છે, પણ કુતરાં, બીલાડાં પર પણ અકારણ ક્રુરતા આચરવાની માણસને ટેવ પડી ગઇ છે અને એજ વાત સુમેસરાભાઇના શબ્દો પરથી પણ સ્પશ્ટ થાય છે.

માણસ પશુઓ માટેની અનામત જગ્યા પર ઝુંપડાં બાંધીને રહે અને પછી કવચીત કોઇકને દીપડો ઉંચકી જાય તો હોહા કરી મુકે

હા, એ ખરું છે કે કેટલાંક પશુ-પક્ષીપ્રેમીઓને માણસની પડી હોતી નથી. હા, એમાં મારું નામ પણ સામેલ થઇ શકે.

માનવવસ્તી વધતી જ રહી છે. જંગલના વાઘ, સીંહ અને શહેરમાં પ્રાણીઓની સંખ્યા ઓછી થતી ચાલી છે. માણસ પશુઓના હક્કની જમીન પર ઝુંપડાં બાંધીને રહે અને કવચીત કોઇકને દીપડો ઉંચકી જાય તો હોહા કરી મુકે. અરે ભાઇ, એની જગ્યા તમે પચાવી પાડો તેનો વાંધો નહીં, પણ એણે તમને હાની પહોંચાડવી નહીં, કેમ ? એને સુખેથી જીવવાનો પણ અધીકાર નહીં ?

રાજકારણી લોકો મુંગાં પ્રાણીઓનો બચાવ નહીં કરે, માણસનો જ બચાવ કરશે, કારણ કે મત તો માણસ પાસેથી જ મળે છે ને ! આંખો મીંચીને વસતી વધારતા જતા માણસને શું કહેવું ? અમારા શાકવાળાને એક વખત પુછ્યું તો જણાયું કે એને ત્યાં સાત સંતાનો છે અને ઘરમાં ખાવાનાં સાંસાં છે.

હા, તમામે તમામ ધર્મના અનુયાયીઓ દંભી છે. સુમેસરાની વાત સાથે એ વીશયે હું સંમત છું. વળી, અહીં મારો ઉદ્દેશ માનવીને ક્રુર ઠેરવવાનો પણ નથી. જબરજસ્તીથી એને શાકાહારી બનાવવાનું પણ હું નથી કહેતી, મારી વાત તો અનુકંપાની છે. ક્રુરતા આચરવાની સ્વતંત્રતા કોઇને પણ કોઇ રીતે હોઇ શકે નહીં.

ભગવાંથી ભડકવાનો સમય પાકી ગયો છે

– પી.ડી. સુમેસરા

ગાંધીજીના આશ્રમમાં જ્યારે સ્વામી આનંદે રહેવાની અને દેશસેવા કરવાની અનુમતી માંગી ત્યારે ગાંધીજીએ પ્રથમ ભગવાં વસ્ત્રોનો ત્યાગ કરવા કહ્યું, કારણે કે ગાંધીજી માનતા કે ભગવાં વસ્ત્રો સેવા **'કરવા'** નહીં પરંતુ સેવા **'લેવા'** માટે ધારણ થતાં હોય છે.

જે સરળ છે તે સંત છે અને જે સીધો છે તે સાધુ છે. આજે સરળ અને સીધા હોય એવા સાધુ સંત કેટલા ? એક જમાનામાં **'દો રોટી એક લંગોટી'**ના હકદાર ગણાતા સાધુઓ આજે જ્યારે મહેલોમાં અને કરોડોમાં આળોટતા જોઇએ છીએ ત્યારે સંન્યાસી કરતાં સંસારી અધીક સાત્ત્વીક ભાસે છે.

એક વખત કુંભમેળામાં એક સાધુએ ૧ કરોડનો ચેક બૅન્કમાં વટાવવા માટે આપ્યો. તેની બૅન્ક બેલેન્સ ૭ કરોડ હતી

એક વખત કુંભમેળામાં એક સાધુએ ૧ કરોડનો ચેક બૅન્કમાં વટાવવા માટે આપ્યો ત્યારે બૅન્કના અધીકારીઓને શંકા જતાં તે સાધુના ખાતાની તપાસ કરતાં તેના ખાતામાં ૭ કરોડનું બેલેન્સ બોલતું હતું. એક સાધુ પાસે ૭ કરોડના બેલેન્સ માટે જવાબદાર કોણ ? **અંધશ્રદ્ધાળુઓ જ વળી !** ધર્મને 'ધંધો' સમજતા સાધુઓ જ્યારે **'વેપારી'** બને ત્યારે ૭ તો શું ૭૦ કરોડનું બેલેન્સ પણ થાય.

ભગવાં વસ્ત્રોથી છેતરવાનું તો રામાયણમાં પણ લખાયું છે. રાવણે સીતાને ભગવાં વસ્ત્રથી છેતરીને જ તેનું અપહરણ કરેલું ને ? પણ સાધુ અને ભગવાં વસ્ત્રોથી આજે લોકો જેટલું છેતરાય છે એટલું ભુતકાળમાં ક્યારેય છેતરાયા નથી. હવે ભગવાંથી ભડકવાનો સમય પાકી ગયો છે.

નાસ્તીક વીચારધારાના ફેલાવામાં જ માનવતાની આશા રહેલી છે અને તે ગતી છે; સંઘર્શોથી શાંતી તરફની, ગુલામીથી મુક્તી તરફની, અંધશ્રદ્ધાથી સમજદારી તરફની અને વીરોધાભાસોથી સહકાર તરફની: **-ગોરા**

જાહેરનામું

અમે વીજયવાડામાં મળેલા નાસ્તીકો, માનવવાદીઓ, રેશનાલીસ્ટો અને મુક્ત વીચારકો વીકસતા જતા રુઢીવાદ, ધાર્મીક જડતા, જ્ઞાતી-જાતીના બંધીયારપણા, માનવીય પ્રવૃત્તીઓ પ્રત્યેના નકારાત્મક અભીગમ અને તેની પર્યાવરણ તથા વીકાસક્રમ પર થતી અવળી અસરોથી ચોંકી ગયા છીએ અને તેની સામે અવાજ ઉઠાવવા કટીબદ્ધ છીએ.

(આજની આ પરીશદના) અમે પ્રતીનીધીઓ નીચે પ્રમાણે જાહેરાત કરીએ છીએ.

(ક) અમે તણાવયુક્ત જીવનના વીકલ્પરુપે નાસ્તીકવાદ અને માનવવાદને મક્કમ માન્યતા આપીએ છીએ.

(ખ) સમાજના વૈચારીક વીકાસ માટે ચુસ્ત વીચાર, વૈજ્ઞાનીક અભીગમ અને મુક્ત ચકાસણી અમે જરુરી માનીએ છીએ.

(ગ) જેને કેટલાક ધર્મોએ નકારેલ છે તેવી જાતીય સમાનતા તથા બાળકો અને લઘુમતીઓના અધીકારોનું અમે સમર્થન કરીએ છીએ.

(ઘ) બંધારણ અને કાનુન ધાર્મીક માન્યતાઓ કરતાં વીશેશ જનસામાન્યના હીતને સંબંધકર્તા થાય તેવી અમારી માગણી છે અને અમે રાજકારણ, રાજ્ય વ્યવસ્થા, કાનુન અને કેળવણીથી ધર્મને જુદો પાડવાની માગણી કરીએ છીએ.

(ચ) આધુનીક વૈજ્ઞાનીક અભીગમ અને જ્ઞાનથી વીપરીત હોય તેવા ચમત્કારી દાવાઓને પડકારીને અમે ચકાસવા માગીએ છીએ.

(છ) સમાજમાં સહીશ્ણુતા, શાંતી અને એકમતી વધારવા માટે અમે ધર્મનીરપેક્ષ મુલ્યોને માન્યતા પ્રદાન કરીએ છીએ.

(જ) દુન્યવી પર્યાવરણ અને વાતાવરણમાં પરીવર્તનના અમે આગ્રહી છીએ અને તેના પ્રત્યે ખુબ ધ્યાન આપવા માગીએ છીએ.

(ઝ) ઇશ્વર અને ધર્મના નામે થતી હીંસા પ્રત્યે અમે ઘેરું દુ:ખ વ્યક્ત કરીએ છીએ.

(ટ) અમે લોકશાહી અને માનવીય વીકાસને સમર્પીત છીએ.

વીજયવાડા-ભારત, તા. ૭ જાન્યુ. ૨૦૦૯.

૭મી વીશ્વ નાસ્તીક પરીશદ : નાસ્તીકતાની ફુરામાં માણસ કેટલો મુક્ત ? કેટલો જવાબદાર ?

સમીક્ષાત્મક અહેવાલ : ડંકેશ ઓઝા

''તામીલનાડુની રાજધાની ચેન્નાઇની વચ્ચોવચ્ચ પેરીયારની પ્રતીમા છે જેની નીચે લખવામાં આવ્યું છે : 'ભગવાન ક્યાંય નથી, ભગવાન ક્યાંય નથી, ભગવાન ક્યાંય નથી' અન્ય કોઇ દેશમાં ખાનગી માલીકીની જમીન પર પણ આવું કરવામાં આવ્યું હોત તો કોઇ તેને પાગલ, વીચીત્ર કે ગાંડા જ ગણી કાઢત ! તેને પરેશાન પણ કરવામાં આવત. વીજયવાડામાં સંસ્થાનું નામ જ **'નાસ્તીક કેન્દ્ર'** છે. આવું યુરોપના કોઇ દેશમાં કરવામાં આવ્યું હોય તો તેને અયોગ્ય જ માનવામાં આવે. સંસ્થાના પ્રવક્તાને રાજકીય કે સરકારી સ્થાન તો ન જ મળે પરંતુ રોટરી ક્લબો પણ તેને ઉદ્‌બોધન માટે બોલાવે નહીં.'' આ શબ્દો નોર્વેના માનવતાવાદી નેતા અને આંતરરાશ્ટ્રીય માનવતાવાદી અને નૈતીક સંગઠન (IHEU)ના ભુતપુર્વ પ્રમુખ લૅવી ફ્રગેલે આંધ્રપ્રદેશના વીજયવાડા ખાતે સાતમી વીશ્વ નાસ્તીક પરીશદના ઉદ્‌ઘાટન પ્રસંગના અધ્યક્ષીય પ્રવચનમાં ઉચ્ચાર્યા હતા.

તા. ૫-૬-૭ જાન્યુઆરી '૦૯ દરમીયાન મળેલી આ કૉન્ફરન્સમાં દસેક દેશોના પ્રતીનીધીઓએ ભાગ લીધો હતો, જેમાં અધ્યક્ષે એમ પણ કહ્યું હતું કે માનવતાવાદના ભવીશ્ય માટે વીશ્વ ભારત પર દશ્ટીપાત કરે છે. ભારતમાં સદીઓ જુની તાત્ત્વીક નાસ્તીક પરંપરા છે, જે બીજે ક્યાંય નથી. આ અંગેનું જેટલું સાહીત્ય ભારતમાંથી બહાર પડે છે તેટલું બીજે પ્રગટ થતું નથી.

ગોરાએ અને તેમના સમકાલીન પેરીયારે દક્ષીણ ભારતમાં નાસ્તીકતાનાં મજબુત મુળીયાં નાંખ્યાં છે. ગોરાએ તો ગાંધી સાથે નાસ્તીક માર્ગે સમાજ પરીવર્તન અંગે વીશદ સંવાદ કર્યો છે જે ગુજરાતી-અંગ્રેજીમાં નવજીવને પ્રકાશીત કરેલ છે. તેમના ત્રણ પુત્રો લવણમ્, વીજયમ્ અને શરણમ્ તથા બહેન મૈત્રી અને ગોરાની ચાર પેઢીના કુટુંબીજનો નાસ્તીક કેન્દ્ર દ્વારા વીજ્ઞાન, આરોગ્ય, શીક્ષણ, મહીલા સશક્તીકરણ અને ગુનેગારોને સુધારવાનું કામ કરી રહ્યા છે.

વૈજ્ઞાનીક પી. એમ. ભાર્ગવે સમાજની બે મોંઢાંવાળી વાતોની આકરી ટીકા કરી. પશ્ચીમના દેશો પણ ધાર્મીક સ્વાતંત્ર્યની બાબતમાં કેટલા પછાત છે તેના દાખલા આપ્યા. એક સમયે યુરોપમાંથી નીશ્કાશીત કરાયેલા લોકો અમેરીકામાં એકઠા થયેલા જ્યારે હવે અમેરીકા જેમને પીડે છે તેમણે યુરોપ તરફ નજર કરવી પડે છે. આજે અમેરીકા નૉલેજ સોસાયટીને અવરોધક બને તેવાં અનેક પગલાં લઇ રહ્યું છે.

દ્રવીડ કઝગમના તમીલનાડુના નેતા અને પેરીયાર યુનીવર્સીટીના કુલપતી ડૉ. વીરમણીએ જણાવ્યું કે પેરીયાર અને ગોરા નાસ્તીકતાની લોક ચળવળના સીક્કાની બે બાજુઓ છે. નાસ્તીકતાની કુચને દુનીયાનું કોઇ પરીબળ હવે અટકાવી શકે તેમ નથી. બર્લીનની દીવાલ જેમ વીના વીરોધે તુટી પડી તેવું અહીં પણ બની રહેશે.

વીવીધ બેઠકોમાં વહેંચાયેલી આ કૉન્ફરન્સ દરમીયાન દેશ-વીદેશના સંખ્યાબંધ વક્તાઓએ આજે નાસ્તીકતાની અનીવાર્યતા વધી હોવાનું જણાવ્યું. નાસ્તીકતા એ નકારાત્મક બાબત નથી, ભલે તે ઇશ્વરના ઇન્કારથી શરુ થતી હોય. પરંતુ તે તો આખા સમાજમાં માણસને સાચા અર્થમાં મુક્ત અને સ્વસ્થ બનાવવાની વીધાયક ચળવળ છે. હીન્દુ ધર્મની માફક એ પણ એક અલગ જીવનપદ્ધતી જ છે.

ગુજરાતમાંથી વીસેક જેટલા પ્રતીનીધીઓએ ભાગ લીધો હતો. કીરણ નાણાવટી, ધીરુ મીસ્ત્રી, અશ્વીન કારીઆ, હર્શા બાડકર વગેરેએ તો સક્રીય ભાગીદારી નોંધાવી. કીરણે ગુજરાતની રેશનાલીસ્ટ પ્રવૃત્તીના વીકાસનો એક અછડતો ખ્યાલ આપ્યો. પંજાબ, ઓરીસ્સા, પશ્ચીમ બંગાળ અને છેક ઉત્તર-પુર્વના પ્રતીનીધીઓએ પણ ભાગ લીધો. દક્ષીણ ભારતનાં વીવીધ રાજ્યોમાંથી વીપુલ માત્રામાં પ્રકાશીત થતું રેશનલ-નાસ્તીક સાહીત્ય અહીં વેચાણ અર્થે ઉપલબ્ધ હતું. અંધશ્રદ્ધાજન્ય ચમત્કારોના પર્દાફાશના કાર્યક્રમો પણ રજુ થયા તો વળી પેરીયાર વીશેની દસ્તાવેજી ફીલ્મ અને શાસ્ત્રીય સંગીત-નૃત્યના કાર્યક્રમો પણ આ દીવસોની રાત્રી બેઠકોમાં રજુ થયા.

ચાલુ વર્શે ગેલીલીયોની ૪૦૦મી જન્મજયંતી છે. ચાર્લ્સ ડાર્વીનની ૨૦૦મી જન્મજયંતી છે. 'Origin of species'ના પ્રકાશનનું આ દોઢસોમું વર્શ છે.

■

યુનો તરફથી આ વર્શને 'Year of astronomy' તરીકે જાહેર કરવામાં આવેલ છે.

વીવીધ દેશોમાં ધર્મમુક્તીની આ ચળવળ વૈજ્ઞાનીક માનસના પ્રસાર-પ્રચાર સાથે જુદા જુદા નામે ચાલે છે. ક્યાંક તે ફ્રી થીંકર્સના નામે ઓળખાય છે, ક્યાંક તેને રેશનાલીઝમ ગણાવાય છે, તો વળી અન્યત્ર તે નોન-બીલીવર્સ કે હ્યુમેનીસ્ટ કે નાસ્તીક ચળવળ તરીકે પણ ઓળખાય છે. આખરે આ આખી બાબત વ્યક્તી-મુક્તીની અને સમાજ પરીવર્તનની છે. અને માટે લોકશાહી, લોકશીક્ષણ, વૈજ્ઞાનીક માનસ, માહીતી-જ્ઞાનનાં સાધનો, સામાજીક નીસબત, સ્વસ્થ દુનીયા વીશેનો સ્પશ્ટ ખ્યાલ અને આ બધાંથી ઉપર ખુમારીપુર્વકની સક્રીયતા અનીવાર્ય છે. ઇશ્વરના ઇનકારમાં નાસ્તીકતા સમાપ્ત થઇ જતી નથી. ખરેખર તો ત્યાંથી આખા સમાજને બદલવાની શરુઆત થાય છે. કોમવાદ, આતંકવાદ, જ્ઞાતીવાદ, અનેક પ્રકારનાં શોશણ, અન્યાય, અસમાનતા, ભ્રશ્ટાચાર વગેરેથી મુક્ત એવા સમાજની કલ્પના અને તેની રચનામાં જવાબદારીપુર્વકની ભાગીદારી એ નાસ્તીકોની ચીંતાનો વીશય છે. એ વાત જુદી છે કે મોટાભાગનો સમાજ હજુ મગજના ફરેલા લોકોને વીધાયક દ્રશ્ટીથી જોતો

થયો નથી. પરંતુ આ લોકોએ તો તેમનાથી બનતું બધું કરી છુટવાના પ્રયાસો આરંભી દીધા છે.

પરીશદ દરમીયાન ઘણા બધાએ કહ્યું કે-ધર્મની ગળે ન ઉતરે તેવી ચીત્ર-વીચીત્ર માન્યતાઓ અને ખ્યાલો સમાજને અનેક રીતે કનડે છે, છતાં બહુ ઓછા લોકો આ કનડગતથી મુક્ત થવા ઇચ્છે છે. બ્રુનો, ગેલેલીયો, સોક્રેટીસ જેવા અનેક લોકોને તેમના વીચારો ખાતર સમાજે ચુંથી નાખ્યા છે. વળી, તેમના જ વીચારોને સમાજે પાછળથી બીરદાવવાનો વારો આવ્યો છે. છતાં તેમણે પોતાના જીવનકાળ દરમીયાન અલગ વીચારનો આદર કર્યો નથી. ધર્મનો પ્રભાવ વીસ્તરી રહ્યો છે અને ધર્મ સમાજના વીભાજનનું એક બહુ મોટું કારણ બની રહ્યો છે. ધર્માચાર્યો કે શાસ્ત્રોને દોશ દેવા કરતાં સાચી હકીકત તો સમાજ પોતે જવાબદાર હોવા વીશેની છે. ધાર્મીક સ્વાતંત્ર્ય અને વૈચારીક સ્વાતંત્ર્ય એ સ્વસ્થ સમાજના વીકાસનો પાયો છે એવી સમજણ હજુ વીકસતી નથી. એકવીસમી સદીનો આધુનીક સમાજ હજુ પાયાના પ્રશ્નો ઉઠાવતાં અને એ વીશે વીચાર કરતાં પણ ડરે છે ત્યારે સવાલ થાય છે કે માણસ કેટલો મુક્ત છે ? અથવા તે ક્યાં સુધી ગુલામ રહેવા ઇચ્છે છે ?

આવી પરીશદો દરમીયાન થતાં વક્તવ્યો અને ચર્ચાઓ પાછળથી મુદ્રીત સ્વરુપે ઉપલબ્ધ થતાં હોય છે જેનો સમાજે લાભ ઉઠાવવો જોઇએ અને પ્રશ્નો દ્વારા જ્ઞાન અને વીકાસની કેડી કંડારવી જોઇએ.

ભારતના બંધારણ મુજબ વૈજ્ઞાનીક માનસ કેળવવાની નાગરીકોની ફરજ બને છે અને કલમ ૫૧ (ક)માં સરકારને તે માટેના પ્રયાસો કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આમ છતાં આ દીશામાં સરકારો ભાગ્યે જ કંઇ કરે છે. આ વાત પ્રી. અશ્વીન કારીઆએ તેમના પેપરમાં સ્પશ્ટ કરી. ડૉ. વીજયમે સમાપન બેઠકમાં ઉદ્ઘાટન બેઠકમાંના વક્તવ્યના અનુસંધાને કહ્યું કે સર્વશક્તીમાન મનાતા **ભગવાનોના મંદીરોનું રક્ષણ કરવા સશસ્ત્ર સૈનીકો રાખવા પડે છે. ઇતીહાસનો અભ્યાસ કરતાં જણાય છે કે રાશ્ટ્રો વચ્ચેનાં યુદ્ધો કરતાં જગતભરમાં થયેલાં ધર્મયુદ્ધોમાં વધુ લોકો મૃત્યુ પામ્યા છે.** વીશ્વના માનવસમાજને શાંતીનાં વર્શો તો બહુ જુજ પ્રાપ્ત થયાં છે.

ઇંગ્લૅન્ડના માનવતાવાદી પત્રકાર જીન હેરીએ પરીશદની ચર્ચાઓ અને આયોજન બાબતે સંતોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે નાસ્તીકતાવાદની આગેકુચ માટે આશા, સાહસ, જાગૃતી વગેરે ખુબ જરુરી છે. વ્યક્તી, સમાજ અને સંસ્થાઓ આની કેળવણી માટે પ્રયાસ કરે તો જરુર પરીણામ મળી શકે. પરીશદના બીજા કન્વીનર લવણમે જણાવ્યું કે વીશ્વએ હવે ધર્મ અને રાશ્ટ્રને પાછળ છોડીને વીશ્વ-સમાજના નીર્માણ તરફ આગળ વધવાની જરુર છે અને તો સંરક્ષણ ખર્ચને વીકાસકાર્યમાં પ્રયોજી શકાશે.

પ્રત્યેક નવું જન્મતું બાળક ધર્મ વગરનું હોય છે તેને માતા-પીતા પોતાના ધર્મમાં ઢાળી દે છે. ખરેખર તો પુખ્ત વયે તેને પોતાનો ધર્મ પસંદ કરવાની તક અપાવી જોઇએ એમ પણ કહેવાયું. આજે વીશ્વભરમાં ધર્મ અને ધર્મ આધારીત સંસ્કૃતીઓ તરફથી જે પડકાર ઉભો થયો છે, તેને પહોંચી વળવા નવા વીચારની અને નવા માનવની જરુરીયાત છે. ચીલાચાલુ રીતરસમોથી આ સમસ્યાનો સામનો કરવા જતાં માનવસમાજ વધુ ઉંડા કળણમાં ફસાવાનો છે.

ધર્મથી ટેવાયેલો માણસ નાસ્તીકતાને પણ નવો ધર્મ માનતો હોય એવું પણ જોવા મળ્યું. બ્રાહ્મણ વીરોધી ચળવળના મહાન નેતા પેરીયારના ચાહકોએ શ્વેત-શ્યામ ગણવેશ ધારણ કરીને પેરીયારને એક નવા ભગવાનનું રુપ આપી દીધું છે. **હાથમાં સમીધો લઇને ઉભેલા માણસો વૈકલ્પીક ભગવાનોની શોધમાં જ હોય છે**. સામ્યવાદીઓએ માર્ક્સની બાબતમાં એમ જ કર્યું છે. જૈન, બૌદ્ધ અને

મલયાલમ મનોરમા-૨૦૦૩ જણાવે છે કે ૧૯૦૦માં ધર્મમાં નહીં માનનારાઓની વસતી દુનીયામાં ૦.૨ % હતી. વર્શ ૨૦૦૦માં તે ૧૬.૧ % થઇ, પરંતુ અત્યારે ફરી તેમાં ઘટાડો વરતાઇ રહ્યો છે તેથી ૨૦૨૫માં ૧૫ % રહેશે તેવો અંદાજ છે.

વીશ્વમાં નાસ્તીકોની વસતી

	(ટકાવારીમાં)
પુર્વ જર્મની	૮૮.૨૦
સ્વીડન	૮૫
વીયેતનામ	૮૧
ડેન્માર્ક	૮૦
નોર્વે	૭૨
જપાન	૬૫
ઝેક રીપબ્લીક	૬૧
ફીનલૅન્ડ	૬૦
ફ્રાન્સ	૫૪
દ. કોરીયા	૫૨

(ઝુકરમાન સ્ટડી, ૨૦૦૫માંથી સાભાર)

ઉપરના દસ દેશોની નાસ્તીક વસતીની સરેરાશ કાઢીએ તો ૭૦% થાય

શીખ ધર્મોમાં કોઇ ભગવાન નથી, પરંતુ તેમણે પણ ભગવાનો બનાવી દીધા છે.

ઇશ્વરે મનુશ્યનું સર્જન કર્યું છે કે કેમ એ શંકા અને સંશોધનનો વીશય બની શકે, પરંતુ માનવે તેની જરુરીયાત મુજબ ઇશ્વર શોધવાનું અને સ્થાપવાનું નક્કી કરી દીધું છે એ તો હકીકત છે. મહાત્મા ગાંધી જેવા માટે પણ 'ઇશ્વર એ સત્ય છે.' રોમા રોલાને મળ્યા પછી તેમણે સુધારવું પડ્યું કે 'સત્ય એ ઇશ્વર છે.' કોઇપણ પ્રકારે **ઇશ્વરની ખીંટીએ બંધાઇ રહેલા ગાંધીને રેશનલ તો કઇ રીતે કહી શકાય ?** દલીતોએ આંબેડકરને ભગવાન બનાવી દીધા છે. અમીતાભના ચાહકોએ કે ધીરુભાઇ અંબાણીના ભક્તોએ એમનાં મંદીર પણ ક્યાં નથી બનાવ્યાં ?

આસ્તીક કે નાસ્તીક એ કદાચ એટલું અગત્યનું નથી જેટલું સમાજનું કામ અગત્યનું છે. એ વાત અલબત્ત સાચી છે કે નાસ્તીકતાના માર્ગે ગુંચવાડો ઓછો છે. ખરી વાત રેશનલ, સેક્યુલર અને હ્યુમન બનીને, વૈજ્ઞાનીક માનસ કેળવીને, પ્રશ્નો કરતા રહીને, નીસ્બતપુર્વક, સુઝે તેવું સામાજીક ઉત્થાનનું કાર્ય હીંમતપુર્વક, નીરાશ થયા વીના, કરતા રહેવાનું છે. એટલે કે માત્ર પોતાના માટે નહીં પરંતુ બીજાને માટે પણ થઇ શકે તેટલું કરવાની જવાબદારી નીભાવવાની છે. આવા ઉદ્દાત વીચારો ભાગ લેનારાઓ સુધી પહોંચાડવામાં નીમીત્ત બનવાનું કામ આ પરીશદે ગૌરવપુર્વક કર્યું છે જે આવકાર્ય અને પ્રસંશનીય છે.

જવાહર મહેતાનું સ્મરણ

તા. ૭મીની સમાપન બેઠકમાં હર્શા બાડકરે તેના જવાહરકાકાને હૃદયના ભાવથી સંભાર્યા, અશ્વીન કારીઆએ એક અચ્છા મીત્ર ગુમાવ્યાનો અફસોસ વ્યક્ત કર્યો અને સભાસંચાલક વીજયમે જવાહર સાથેનાં સંસ્મરણો તાજાં કરી સમગ્ર સભાને બે મીનીટ માટે ઉભી કરી ત્યારે સમગ્ર વાતાવરણ જવાહરમય થયેલું અનુભવાયું હતું.

અગાઉના ૬માંથી ૩ અધીવેશનોમાં જવાહરભાઇ અને ઇન્દુબેને હાજરી આપ્યા પછી આ ૭મા અધીવેશનમાં એમની ગેરહાજરી જણાઇ આવી હતી.

શું આ ગીત રેશનાલીઝમની નજીક લાગે છે ?

સર ઝુકાને સે કુછ નહીં હોતા
સર ઉઠાઓ તો કોઇ બાત બને.... (૨)
જીંદગી ભીખમેં નહીં મીલતી,
જીંદગી બઢકર છીની જાતી હૈ....(૨)
અપના હક સંગદીલ જમાને સે,
છીન પાઓ, તો કોઇ બાત બને.....
સર ઝુકાને સે...

રંગ ઔર નસ્લ જાત ઔર મજહબ,
જો ભી હો આદમી સે કમતર હે (૨)
ઇસ હકીકત કો તુમ ભી મેરી તરહ,
માન જાઓ, તો કોઇ બાત બને....
સર ઝુકાને સે.....

ફીલ્મ : **'નયા રાસ્તા'**
ગાયક : **મહંમદ રફી**
કલાકારો : **જીતેન્દ્ર, આશા પારેખ**

પ્રેશક : ડૉ. ગણેશ ખેરે (વ્યારા)

રેશનાલીઝમની રાહે આ ગીતને ચાલો જરા મુલવીએ પાછળને પાને

ભાવાર્થ : માથું ઝુકાવી દેવાની નબળાઇ બહુધા ધાર્મીકતાનું પ્રદાન છે. માથું જે ઉઠાવે એ જ ખરા.

જીંદગી માગવાથી નથી મળતી (અહીં જીંદગીનો અર્થ જીંદગીની મોજ થઇ શકે છે) જો સહેજે એ ના મળે તો ઝુંટવીને પણ લેવી પડે; 'કર્જ વેઠીને પણ ઘી પીઓ' ચાર્વાકની એ વાતમાં અહીં એક પગલું આગળનું વર્તાય છે.

જાલીમ જમાનો આપણું પણ આપણને લેવા દેતો ના હોય તો આંચકી લેવું પડે (પણ તે અન્યને હાની ના પહોંચે તેની સાવધાની સાથે).

નાત-જાત-ધર્મમાં શું (બળ્યું) છે ? માણસ સામે એનું કોઇ મુલ નથી. બસ એકવાર માણસ બનો અને પછી જુઓ.

બસ, આટલી જ મારી તો વાત છે. એક વખત માનો અને પછી જુઓ પરીણામ.....

ગુજકોક :

– દીગંત ઓઝા

પહેલાં વકીલાત, હવે કથાકારની કબુલાત

'ગુજકોકના વકીલ બનેલા રામકથાના સુપરસ્ટાર જાણે છે કે વાજપેયી સરકારે બહાલી નહોતી આપી' મથાળાવાળો મેં લખેલો એક લેખ અખબારમાં પ્રસીદ્ધ થયો હતો. ગુજરાતના બુદ્ધીજીવીઓ અને કર્મશીલોએ મોરારીબાપુને લખેલા પત્ર પર એ આધારીત હતો.

દીવાળીના તહેવારો વચ્ચે તા. ૨૭ ઑક્ટોબરે મહુવાના ચીત્રકુટધામમાં પત્રલેખકો વતી મોરારીબાપુની રુબરુ મુલાકાત લેવાઇ અને ફોન પરના ખુલાસાઓ વીશે એક પત્ર બાપુને હાથોહાથ સોંપીને તેના પ્રસારણ માટે મંજુરી મેળવાઇ હતી. (જુઓ પત્ર માંહેનાં બે અવતરણો)

આપે કરેલી નીખાલસ કબુલાતથી આપના વીશેના આદરમાં વધારો થયો છે. આપે એમ કબુલ કર્યું હતું કે કાયદાની ભલામણ કરતાં પહેલાં આપે એ વીશે પર્યાપ્ત અભ્યાસ કર્યો ન હતો.

આપ રામકથાના જ પ્રવક્તા છો અને રહેવા માંગો છો તેવી આપની સ્પશ્ટતા ગમી.

વીવાદાસ્પદ બાબતોમાં સંવાદ શું કરી શકે તે માટે ટાંકી શકાય તેવું ઉદાહરણ મહુવામાં મોરારીબાપુ સાથેની મુલાકાતમાંથી મળ્યું હતું.

સાનુકુળ તારીખે ઓરીસ્સાની શાંતીયાત્રા ગોઠવાય, જેમાં મોરારીબાપુ ઉપરાંત માનવઅધીકાર ક્ષેત્રના કર્મશીલો પણ જોડાય. શાંતીયાત્રાના સંકલનની જવાબદારી પ્રા. નગીનદાસ સંઘવીને સોંપવામાં આવી છે.

એકંદરે વ્યક્તી અથવા વીચારના દીશા પરીવર્તન માટે સંવાદ અત્યંત અનીવાર્ય છે, એમ સમજાયું છે.

(તા. ૧૬-૧૧-૦૮ના 'નયા માર્ગ' માંહેના લેખમાંથી ટુંકાવીને)

(ગતાંકનો નગીનદાસનો લેખ 'ગુજરાતની સુરક્ષા માટે ગુજકોક જરુરી' વાચકોને યાદ હશે જ).

ગુજરાત-મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીએશનની સામાન્ય સભા ૮મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં

ઍસોસીએશનના પ્રમુખ પ્રા. અશ્વીન કારીઆ જણાવે છે કે ઍસોસીએશનની સામાન્ય સભા રવીવાર તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૯ની બપોરે બે વાગ્યે ખેતભવન, ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ-૨૭ ખાતે રાખવામાં આવી છે.

તમામ સભ્યોને હાજર રહેવાની અપીલ છે.

ઍસોસીએશનની સભ્ય ફી સ્થળ પર સ્વીકારવામાં આવશે.

લાલ ચુંદડીના સ્થાને કન્યાએ પહેરી કાળી સાડી અને વરરાજાએ પહેર્યું કાળાં ટપકાંવાળું બુશશર્ટ

વાજાંને બદલે વાગ્યાં ડાકલાં અને જાનૈયાઓ ભુત-પ્રેત બનીને નાચ્યા

જાથાના અધ્યક્ષ જયંત પંડ્યાની પુત્રી ચાંદનીના લગ્નપ્રસંગનો જુઓ આ કાળો માહોલ. ડાબા બાજુના ચીત્રમાં કન્યાને વચ્ચે રાખીને ડાકલાં ધુણે છે, તો જમણી બાજુના ચીત્રમાં નીચે કન્યા ચાંદની અને વરરાજા નીશાંત : જમણી બાજુના ચીત્રમાં જમણે છેડે વરપીતા નરેન્દ્ર ગોર અને જમણે છેડે વરમાતા રસીલાબેન; વચ્ચે કન્યાપીતા જયંત પંડ્યા અને કન્યામાતા હર્શાબેન, વચ્ચે પુત્ર આકાશ

સંગીત ધર્મની મર્યાદાથી પર છે

ઘણી વાર મને થાય છે કે શું ઇબાદત (પ્રાર્થના)ની જેમ ગાવાને કોઇ ધર્મ સાથે લેવાદેવા ખરી ? ભક્તીની ધુન કોઇ ધર્મમાં રહીને જ લગાવી શકાય ? વાસ્તવમાં ધર્મનો ઉપયોગ મનુશ્યએ પોતાના સ્વાર્થ માટે કર્યો છે, પરંતુ સંગીતની દુનીયામાં હંમેશાં ધર્મની મર્યાદામાંથી બહાર નીકળીને કામ થયું છે. સંગીત પોતે જ એક ધર્મ છે અને તે બધા જ ધર્મો કરતાં મોટો છે. એટલે જ 'ધીસ ઇઝ રફી'માં મોહમ્મદ રફી મધુર અવાજમાં ગાય છે 'પૈયાં પડું તેરે શ્યામ, વ્રજ મેં લૌટ ચલો.' આ ભજન સાંભળો ત્યારે ખ્યાલ જ ના આવે કે એક મુસ્લીમ સંગીતકારના સંગીતનીર્દેશનમાં એક મુસ્લીમ ગાયકે ગાયેલી આ રચના છે.

મોહમ્મદ રફી આજે હોત તો તેમણે ૮૪ પુરાં કર્યાં હોત. એમની જન્મતારીખ ૨૬-૧-૧૯૨૫

- યુનુસ ખાન
['દીવ્ય ભાસ્કર'ના લેખમાંથી]



ડાબે વીજયવાડા અધીવેશનના પ્રમુખ માનવતાવાદી નેતા લૅવી ફ્રગેલ, સામે જીમ હેરી, વીરમણી અને ડૉ. ભાર્ગવ

''મારા અસીલ પણ મને જે કંઇ કહે તેનું અડધું જ હું સાચું માનું છું.''

''કેમ ?''

''હું વકીલ છું. પણ તમે ?''

''મને કહેવામાં આવે તેના કરતાં બમણું જ હું સાચું માનું છું.''

''કેમ ?''

''હું આવકવેરા અધીકારી છું.''

❋ ❋

પત્નીનો ઘઘલાવ્યો રમેશ સીયાંવીયાં થાતો એક જાહેર સભામાં જઇ બેઠો, ત્યાં વક્તાના આ શબ્દો કાને પડ્યા. ''આજથી સો વર્શ પછી આપણે જોઇશું કે ધરતીના પડ ઉપર કેવળ મહીલાઓનું જ સામ્રાજ્ય હશે.''

''અરેરે... હાલત બદલવાનો કોઇ ચાન્સ જ નથી !'' રમેશે નીઃસાસો નાખ્યો. ❋ ❋

શહેરી કરોડપતીની એક લાડકી દીકરી ગામઠી ખેતરો ખુંદવા નીકળી. ખેતરમાં બાંધેલા એક પશુ તરફ આંગળી ચીંધીને ખેડુતને પુછ્યું, ''આ ગાયને શીંગડાં કેમ નથી ?''

ખેડુતનો જવાબ : ''શીંગડાં ના હોવાનાં કેટલાંક કારણો હોય છે.''

''દાખલા તરીકે ?''

''કોઇ કોઇ ગાયને શીંગડાં મોડાં આવતાં હોય છે. કેટલીકને શીંગડાં મારવાની આદત હોવાથી તેનાં શીંગડા કાપી નાખવામાં આવે છે તો કેટલીક ગાયો આપસમાં લડતાં લડતાં જ શીંગડાં ખેરવી બેસે છે.''

''તો આ ગાયને કયા કારણસર શીંગડાં નથી ?''

''એ વાત જવા દો ને બહેન !''

''ના, ના કહો જ. મારે જાણવું જ છે.''

''એ તો બહેન, એટલા માટે કે એ ઘોડો છે.''

PRINTED BOOK

TO

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Dutta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East), Mumbai-400 093